7th District Level Educational innovation festival 2021-22

# શિક્ષકોના નવતર પ્રયોગોનો સંપુટ

# નવપ્રવર્તન

**: પ્રેરણા :**


**ડૉ. સી. ટી. ટૂંડિયા**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

**ડૉ. ટી. એસ. જોશી**
નિયામક
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલિમ પરિષદ,
ગાંધીનગર


**: લેખન – સંપાદન :**


**ડૉ. કે. આર. પંડ્યા**
લેક્ચરર અને ડિસ્ટ્રીક્ટ ઈનોવેશન સેલ કો. ઓ.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર



શ્રી ઝવેરચંદ મેઘાણી – જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર

GCERT Gandhinagar

NAVTAR
CENTRE FOR INNOVATIONS IN EDUCATION
A GCERT INITIATIVE

ItoWE Development Foundation

DIET

7th District Level Educational innovation festival 2021-22

# શિક્ષકોના નવતર પ્રયોગોનો સંપુટ

# નવપ્રવર્તન

**: પ્રેરણા :**


**ડૉ. સી. ટી. ટૂંડિયા**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

**ડૉ. ટી. એસ. જોશી**
નિયામક
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલિમ પરિષદ,
ગાંધીનગર


**: લેખન – સંપાદન :**


**ડૉ. કે. આર. પંડ્યા**
લેક્ચરર અને ડિસ્ટ્રીક્ટ ઇનોવેશન સેલ કો. ઓ.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર



## શ્રી ઝવેરચંદ મેઘાણી – જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર

# શુભેચ્છા સંદેશ



Innovation means turning an idea in to solution that adds value from a receiver's perspective. ઇનોવેશન એટલે એક વિચારને સમસ્યા ઉકેલવા તરફ કેળવવો જે જ્ઞાન પ્રાપ્ત કરનારના પરિપ્રેક્ષ્યમાં મૂલ્ય ઉમેરે છે. જે માટે શિક્ષકો વર્ગખંડમાં પ્રયોગો કરે છે.

વૈશ્વિક મહામારી Covid-19એ જગતને જુદી રીતે જીવતા શીખવ્યું છે. આ સમય દરમિયાન શીખવા અને શીખવવા માટે અનેક નવીનતમ પ્રયાસો થયા. જેમાં Microsoft Teams, Virtual class room, YouTube channel અને Home Learning જેવાં માધ્યમોથી શિક્ષણને જીવંત બનાવી રાખવાના શ્રેષ્ઠ પ્રયાસ શિક્ષકો દ્વારા થયેલા છે.

7th Educational Innovation Festival 2021 યોજાઇ રહ્યો છે તેમાં રમત દ્વારા ભાષાશિક્ષણ, વિજ્ઞાનમાં રમતો, હાજરી જાગૃતતા, કન્યા કેળવણી મહાયજ્ઞ, બાલવાર્તા દ્વારા શાળા તત્પરતા, દિવ્યાંગ સાથે દોસ્તી, પ્રોજેક્ટ દ્વારા શિક્ષણ, ગાણિતિક મોડેલ જેવા અનેક વિષયો પર યોજાઇ રહ્યો છે.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર પ્રેરિત અને જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સુરેન્દ્રનગર દ્વારા આયોજીત જીલ્લા કક્ષાનો **7th Educational Innovation Festival 2021** યોજાઇ રહ્યો છે. જે માટે શુભેચ્છાઓ પાઠવું છું.

**- ડૉ. ટી. એ. જોષી**
નિયામક,
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
ગાંધીનગર.



# નવાચારનો મારગ... નવપ્રવર્તન

આદરણીય સારસ્વત ભાઈઓ-બહેનો,

સૌને સહૃદય વંદન...

ઇનોવેશન એટલે... નવીનતા, નવીન, નવીનીકરણ, સારો રસ્તો, બદલાવ, નવો રિવાજ...

સામાન્ય રીતે જોઈએ તો નવીન કરવાની ક્રિયા અથવા પ્રક્રિયા. એક નવી પદ્ધતિ, વિચાર, ઉત્પાદન. અભ્યાસ અને પ્રયોગોના પરિણામે એક રચના, મનમાં કંઈક બનાવવા પ્રથમ વખત કંઈક શરૂઆત કરવાની ક્રિયા, કંઈક નવું રજૂ કરવું. Innovation શબ્દ invention (શોધ) અથવા Inventor (શોધક) પરથી બનેલો છે. ઇનોવેશન એટલે "Innovation in education means solving a real problem in a new, simple way to promote equitable learning."

શિક્ષક વર્ગખંડમાં બાળકોને રસ-રૂચિ-જાગૃત કરવાં માટે તથા અધ્યયન નિષ્પત્તિઓ શીખવવા માટેના સરળીકરણ માટે નવીનતમ શોધ કરતો રહે છે. જેને આપણે નવાચાર (Innovation) કહીએ છીએ. અધ્યયન, અધ્યાપક પ્રક્રિયા માટે જરૂરી સામગ્રી કે વાતાવરણનું નિર્માણ. નવતર પ્રયોગ એક એવી પ્રક્રિયા છે જે બાળકોના અભ્યાસને પ્રભાવિત કરે. આ માટેની કોઇ પ્રવૃત્તિ કે નવી પદ્ધતિને આપણે નવતર પ્રયોગ તરીકે ઓળખીશું. અધ્યયન અને અધ્યાપન પ્રક્રિયા, તેની સમજ અને અર્થગ્રહણ, ચકાસણી માટેનું મૂલ્યાંકન કે તે અંગેની પદ્ધતિને નવતર પ્રયોગ તરીકે સ્વીકારીશું. કોઈ એક એવી રીત, ઘટના કે પ્રક્રિયાથી શિક્ષણમાં સમુદાયની સહભાગીદારી વધે અને તેનું ચોક્કસ પરિણામ મળે તેને નવતર પ્રયોગ તરીકે સ્વીકારીશું.

સુરેન્દ્રનગર જિલ્લાની પ્રાથમિક - માધ્યમિક શાળાના શિક્ષકો દ્વારા જે શિક્ષણમાં નવીનતમ કાર્ય કરેલ છે તે અહીં મૂકવાનો પ્રયાસ કર્યો છે. શિક્ષકોના નવતર પ્રયોગોનો સંપુટ નવપ્રવર્તન આપ સૌના માટે પથિક બની રહેશે, દીવાદાંડીરૂપ બની રહેશે. નવપ્રવર્તનમાં મૂકવામાં આવેલ પ્રયોગો આપ સૌના વર્ગખંડ સુધી ક્રિયાન્વિત થશે તેવી શ્રદ્ધા છે.

જી.સી.ઇ.આર.ટી.-ગાંધીનગર તથા ડાયેટ-સુરેન્દ્રનગરનો આ સાતમો અધ્યાય છે. ઇનોવેશન ફેસ્ટિવલના પ્રયોગોનો સંપુટ નવપ્રવર્તન તૈયાર કરવામાં ડાયેટના આઇ.એફ.આઇ.સી. શાખાના લેક્ચરર ડૉ. કોમલબહેન પંડ્યા દ્વારા વિહંગાવલોકન કરી અહીં મૂકવાનો પ્રયાસ કર્યો છે. તેઓના આ સંકલન કાર્યને અભિનંદન પાઠવું છું.

ઇનોવેશન ફેસ્ટિવલ આપ સૌને પણ ભવિષ્યમાં ઇનોવેશન ફેસ્ટિવલમાં ભાગ લેવા માટે મદદરૂપ બની રહે તેવી શ્રદ્ધા છે.

"બેસી રહેવાથી શું વળે આદિલ,
પગ ઉપાડો તો, દ્વારિકા સામે."

આપ સૌનો

**- ડૉ. સી. ટી. ટૂંડિયા**

પ્રાચાર્ય

જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સુરેન્દ્રનગર.

# શિક્ષણમાં અભિનવ...



શિક્ષણ વિભાગ - ગુજરાત રાજ્ય, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) - ગાંધીનગર અને આઇ.ટુ.વી.ડેવલોપમેન્ટ ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) - સુરેન્દ્રનગરમાં ઇનોવેશન સેલ કાર્યરત છે.

આ સેલ અંતર્ગત જીલ્લાની સરકારી શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માટે શિક્ષકો અવિરત પ્રયત્નો કરી રહ્યા છે તે શિક્ષકોના નવતર પ્રયોગોનો સમગ્ર જિલ્લામાં પ્રચાર અને પ્રસાર થાય તે હેતુથી ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૫-૧૬માં જિલ્લા કક્ષાના પ્રથમ ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલ જિલ્લાનાં સાતમાં એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર જીલ્લામાંથી ૨૬ પ્રાથમિક કક્ષાનાં અને ૦૪ માધ્યમિક કક્ષાના મળીને કુલ ૩૦ ઇનોવેશનની જીલ્લા કક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલ માટે પસંદગી થઇ હતી. જીલ્લા કક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલનાં સતત માર્ગદર્શન પૂરૂ પાડનાર જીલ્લા કક્ષાના ઇનોવેશન સેલના કે.આર.પી. ડૉ. દિપક મહેતાનો અને જીલ્લા કક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલને સફળ બનાવવા સહભાગી બી.આર.સી. વઢવાણ શ્રી નિલેશભાઇ પરમાર અને તેમની સમગ્ર ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરૂ છું.

પોતાના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને રમતો દ્વારા શિક્ષણ, ઇ-કન્ટેન્ટ દ્વારા શિક્ષણ, કન્યા કેળવણી, અધ્યયન નિષ્પત્તિ આધારિત પ્રોજેક્ટ કાર્ય, એકમ અને ધોરણવાઇઝ અધ્યયન નિષ્પત્તિઓ, બોલતી દિવાલો, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને અંગ્રેજી જેવા અઘરા વિષયોનો અવનવી પ્રવૃત્તિઓ જેવા વિવિધ પ્રયોગો શિક્ષકો દ્વારા હાથ ધરવામાં આવ્યા હતા. આ તમામ નવતર પ્રયોગો અન્ય શાળાના શિક્ષકો સુધી પહોંચે તે હેતુસર આ એજ્યુ. ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ.

**Innovation Distingushes Between A Leader And A Follower**

**- STEVE JOBS.**

**- ડૉ. કે. આર. પંડયા**
લેક્ચરર અને ડીસ્ટ્રીક્ટ ઇનોવેશન સેલ કો. ઓ.
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સુરેન્દ્રનગર.

# અનુક્રમણિકા


| ક્રમ | શિક્ષકનું નામ | ઈનોવેશનનું શિર્ષક | પેજ નં. |
|---|---|---|---|
| ૧ | ડૉ. દિપકકુમાર રતિલાલ મહેતા | રમતો દ્વારા ભાષા શિક્ષણ | ૧ |
| ૨ | બરકતઅલી આર. હુદ્દા | ‘‘દિવ્યાંગ સાથે દોસ્તી’’ | ૨ |
| ૩ | રમેશચંદ્ર સી. મુલિયા | રસરંગ ભર્યું બાળ અધ્યયન | ૩ |
| ૪ | પુનમબેન બી. રાવલ | પ્રોજેક્ટ દ્વારા અંગ્રેજી શિક્ષણ અને મૂલ્યાંકન (અ.નિ. આધારીત) | ૪ |
| ૫ | મુકેશભાઇ શીવાભાઇ બદ્રેશિયા | નાસ્તામાં નવીનીકરણ | ૫ |
| ૬ | જાદવ મહાવીરભાઇ અદેસંગભાઇ | વર્ગ એ જ સ્વર્ગ | ૬ |
| ૭ | શબ્બીરહુસેન અહમદહુસેન વ્હોરા | મને ઓળખો | ૭ |
| ૮ | સ્વાતિ ભાવિક જોષી | રમતમાં વિજ્ઞાન, વિજ્ઞાનમાં રમત | ૮ |
| ૯ | ભગવતદાન ગુલાબસંગ ગઢવી | લોક–જાગૃતિ થકી શાળા–વિકાસ | ૯ |
| ૧૦ | નીતિનકુમાર ભરતકુમાર પંચાલ | કોડીંગ ક્લાસ | ૧૦ |
| ૧૧ | સુરેશભાઇ બાબુભાઇ ઘોરિયા | ઈ–કન્ટેન્ટ દ્વારા એજ્યુકેશન | ૧૧ |
| ૧૨ | જમોડ પ્રવિણભાઇ પ્રભુભાઇ | હાજરીની જાગૃતતા | ૧૨ |
| ૧૩ | અજીતભાઇ એસ. ચાવડા | લાઇવ ક્વિઝ | ૧૩ |
| ૧૪ | જેતાવત મહિપાલસિંહ સજ્જનસિંહ | બોલતી દિવાલો | ૧૪ |
| ૧૫ | હેતલબેન નરેન્દ્રભાઇ પટેલ | રોજિંદા જીવનના અનુભવોમાંથી વ્યવહારિક જ્ઞાનમાં વૃદ્ધિ | ૧૫ |
| ૧૬ | મોનિકાબેન આર. વર્મા | તત્વનાં નામ સાથે હાજરી | ૧૬ |
| ૧૭ | રાણા નયનાબેન રાવજીભાઇ | સર્વાંગી શિક્ષણની ઇ–માર્ગદર્શિકા | ૧૭ |
| ૧૮ | બાલસ નીતાબેન પી. | કન્યા કેળવણી એક મચાયજ્ઞ | ૧૮ |
| ૧૯ | શ્રી નદીમખાન વાહીદખાન પઠાણ | ગણિત ગજાનું – ગણિત મજાનું | ૧૯ |
| ૨૦ | દેવેન્દ્રપ્રસાદ એચ. ધમલ | લાખામાંચી–૧ પ્રા. શાળા, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગર | ૨૦ |
| ૨૧ | વિજયકુમાર શાંતિલાલ થોરિયા | જ્ઞાત પરથી અજ્ઞાત | ૨૧ |
| ૨૨ | ઉષાબેન જી. સોલંકી | ગણિત ગમ્મત દ્વારા સંખ્યાજ્ઞાન | ૨૨ |
| ૨૩ | સભાણી વિપુલકુમાર એન. | એકમ મુજબ આયોજન | ૨૩ |
| ૨૪ | હેમલભાઇ મચંકભાઇ તુરખીયા | School Care Takers | ૨૪ |
| ૨૫ | જયેશકુમાર નાથાલાલ પઢારીયા | SSC English Textual Question Bank | ૨૫ |
| ૨૬ | રેથળીયા પ્રવીણભાઇ કાળુભાઇ | પર્યાવરણ પ્રયોગશાળા | ૨૬ |
| ૨૭ | હિતેષકુમાર કિશોરભાઇ પંડ્યા | વાલી સાથે વિસામો | ૨૭ |
| ૨૮ | હિતેશકુમાર જગદીશકુમાર ચાવડા | રમત દ્વારા ગણિત | ૨૮ |
| ૨૯ | બ્લોક રિસોર્સ સેન્ટર, વઢવાણ સમગ્ર ટીમ | અધ્યયન નિષ્પત્તિ અને તેનું મૂલ્યાંકન ટૂલ અને સ્કુલ એક્રીડીટેશન (ગુણોત્સવ ૨.૦) માર્ગદર્શિકા | ૨૯ |
| ૩૦ | બ્લોક રિસોર્સ સેન્ટર, વઢવાણ સમગ્ર ટીમ | અધ્યયન નિષ્પત્તિ અને તેનું મૂલ્યાંકન ટૂલ અને સ્કુલ એક્રીડીટેશન (ગુણોત્સવ ૨.૦) માર્ગદર્શિકા | ૩૦ |
| ૩૧ | ડૉ. વિક્રમભાઇ આઇ. ભડાણિયા | એકમ કસોટી પ્રશ્નપત્ર ડીજીટલ સંપુટ | ૩૧ |

• **ઈનોવેશનનું નામ : રમતો દ્વારા ભાષા શિક્ષણ**

• **શિક્ષકનું નામ : ડૉ. દિપકકુમાર રતિલાલ મહેતા**

Mobile : 98987 31936

Email : dipakmehta1978@gmail.com, Blog : jeparschool.blogspot.com

• **શાળાનું નામ : જેપર પ્રાથમિક શાળા, તા. ચુડા, જિ. સુરેન્દ્રનગર.**




## હેતુઓ :

- વિવિધ વ્યાકરણ જેમ કે કાળ, સંજ્ઞા, વિશેષણ, અવ્યય, સર્વનામ, લિંગ, વચન વગેરેના પ્રકારો સમજ કેળવે...
- વિવિધ વ્યાકરણના શબ્દો ઓળખે અને ઉપયોગ કરી વાક્ય બનાવે, વાક્ય પરિવર્તન કરે વિગેરે...
- જીવનમાં વ્યાકરણનો વ્યવહારૂ ઉપયોગ કરતા શીખે.
- વાંચન, લેખન, અર્થઘટન અને અર્થગ્રહણ કરે.
- ગમ્મત સાથે જ્ઞાન મેળવે.
- ઉપચારાત્મક કાર્યમાં ઉપયોગી બને.
- વ્યાકરણ સંબંધી ધોરણ અને વિષય મુજબ જે લર્નિંગ આઉટકમ્સ આપેલા છે તે સિદ્ધ કરવા.

## કાર્યપદ્ધતિ :

- હિન્દી વિષયમાં ધોરણ અને તેના સત્રના એકમો પ્રમાણે વ્યાકરણ શીખવવા ૯ રમતોને રમાડવી. અહીં નીચે માત્ર એક જ વ્યાકરણ કાળની રમાડવાની રમતોને દર્શાવેલ છે. તેના પરથી અન્ય વ્યાકરણને જરૂર જણાય તેવા ફેરફાર કરીને રમાડવી. જે વ્યાકરણની રમત રમાડવી હોય તે મુજબ ચાર્ટ, પ્રકારના કાર્ડ, વાક્ય પટ્ટીઓ, દડો, બોક્ષ જેવી જણાવેલ અન્ય સામગ્રીઓ તૈયાર કરવી. જે રમતોની તમામ વિગતો વિડીયો દ્વારા સમજ આપવામાં આવેલ છે.

૧. સંગીત ખુરશી રમત (કાળ ને વાક્યો)
૨. વાક્ય પરથી કાળ ઓળખ રમત (વાક્ય અને કાળની જોડી બનાવો.)
૩. કાળની વાક્ય પટ્ટી લેખન રમત.
૪. કાળ પ્રમાણે વાક્ય પટ્ટીઓનું વર્ગીકરણ રમત.
૫. કાળના વાક્યો લખો અને બોલો રમત.
૬. હુ છું વર્તમાન કાળ, હુ છું ભૂતકાળ અને હુ છું ભવિષ્ય કાળની મૌખિક રમત.
૭. વાક્ય પરિવર્તન રમત. (વાક્યના કાળને ઓળખી વાક્ય પરથી કાળમાં પરિવર્તન કરવું.)
૮. જીવન ઉપયોગી વ્યવહારિક ક્રિયાઓની વાક્યો રમત (જૂથ કાર્ય).
૯. સ્વ. મૂલ્યાંકન રમત. (એક સાથે ચાર બાળકો રમત રમે)

## મૂલ્યાંકન :

- આ ઈનોવેશનમાં મૌખિક પ્રશ્નોત્તરી, લેખિત કસોટી, ક્રિયાત્મક પ્રવૃત્તિઓ, રમત, વર્ગીકરણ, અવલોકન, નિરીક્ષણ વગેરે દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

## પરિણામ :

- આ ઈનોવેશન વર્ષ ૨૦૧૮–૧૯માં ૯૬% પરિણામ પ્રાપ્ત થયેલ છે એટલે કે કુલ બાળકો ૩૦માંથી ૨૯ બાળકોને કાળની સમજ પ્રાપ્ત થઇ ગઇ છે. ઈનોવેશન શરૂ થયા પછી ૧૫ ગુણની ઉત્તર કસોટી અને મૌખિક પ્રશ્નોત્તરી લેવામાં આવી. આ કસોટીનું પૃથ્થકરણ કરતા કુલ ૩૦ બાળકોમાંથી કસોટી લેતા ૨૯ બાળકોએ કાળની સમજ પ્રાપ્ત કરી લીધી, માત્ર એક જ બાળક કાળની સમજ મેળવી શક્યું નથી. જ્યારે વર્ષ ૨૦૨૧–૨૨માં બીજા સત્રમાં ૭૪% પરિણામ પ્રાપ્ત થયેલ છે. એટલે કે કુલ ૧૯ બાળકોમાંથી ૧૪ બાળકોને ત્રણ એકમોના લિંગ, વચન, કાળ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી શબ્દોની વ્યાકરણમાં સમજ પ્રાપ્ત થઇ છે. ૫ બાળકોને પણ શીખવવાનો પ્રયત્ન શરૂ જ છે. આજે પણ આ ઈનોવેશન કાર્યરત છે.

## 7th DISTRICT LEVEL EDUCATIONAL INNOVATION FESTIVAL, 2021-22

- **ઈનોવેશનનું નામ : "દિવ્યાંગ સાથે દોસ્તી"**


- **શિક્ષકનું નામ : બરકતઅલી આર. હુદ્દા**

Mobile : 99793 83012
Email : barkathudda35@gmail.com

- **શાળાનું નામ : શ્રી ફુલગ્રામ પ્રાથમિક શાળા, તા.વઢવાણ, જિ.સુરેન્દ્રનગર.**




### હેતુઓ :

- દિવ્યાંગ બાળકોને પ્રેમ, હૂંફ અને પ્રોત્સાહન મળે.
- દિવ્યાંગ બાળકોના શરમ, સંકોચ, ભય દૂર થાય.
- દિવ્યાંગ બાળકો શાળામાં નિયમિત આવે.
- દિવ્યાંગ બાળકોમાં રહેલા વિવિધ કૌશલ્યો વ્યક્ત થાય.
- દિવ્યાંગ બાળકો સામાન્ય બાળકો સાથે રહી અનુકૂલન સાધે.

### કાર્યપદ્ધતિ :

- ધોરણ ૧ થી ૮ના દિવ્યાંગ બાળકોની રૂબરૂ મુલાકાત તથા તેના બાયોડેટા.
- દિવ્યાંગ બાળકોના દોસ્ત બનવું.
- ધોરણ ૧થી ૮ના દિવ્યાંગ બાળકોને પડતી મુશ્કેલીઓ નિવારવા દિવ્યાંગ દોસ્તની નિમણૂંક અને દિવ્યાંગ દોસ્તની મૈત્રી.
- પખવાડિક વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન.
- શૈક્ષણિક પ્રવૃત્તિઓ–સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન.
- દરેક પ્રવૃત્તિઓમાં પ્રોત્સાહક ઈનામ.
- વિશ્વ દિવ્યાંગ દિવસે વાલીમીટીંગ તથા વિવિધ મુદ્દે ચર્ચા.
- શાળા પરિવાર દ્વારા "વિશ્વ દિવ્યાંગ દિવસ" ઉજવણી સંદર્ભે સ્વચ્છતા કીટ વિતરણ.
- બાળવાર્તા, ગરબા, રમત, ચિત્રપ્રવૃત્તિ, સુલેખન પ્રવૃત્તિ, અભિનય ગીત વગેરે જેવી પ્રવૃત્તિઓ.

### મૂલ્યાંકન :

- વિવિધ પ્રવૃત્તિઓમાં અવલોકન.
- બાળકોના પ્રતિભાવો.
- વાલીના પ્રતિભાવો – ઓડિયો, વિડિયો.
- શાળામાં બાળકોના વર્તન અવલોકન.
- સામાન્ય બાળકોનું દિવ્યાંગ બાળકો જોડે વર્તન.

### પરિણામ :

- દિવ્યાંગ બાળકોમાં ખૂબજ ઉત્સાહ, વર્તનમાં ફેરફાર.
- નિયમિત શાળામાં હાજરી.
- વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા થયા.
- દિવ્યાંગ બાળકોમાં વિવિધ કોશલ્યો જોવા મળ્યા.
- ટેક્નોલોજીની જાણકારી આપતો દિવ્યાંગ બાળકોનો વિડિયો, બાળકોની બાળવાર્તાના વિડિયો.
- તમામ અવલોકન મૂલ્યાંકનને અંતે ઉત્કૃષ્ટ અને શ્રેષ્ઠ ૭૭.૭૭ ટકા પરિણામ જોવા મળ્યું.

• **ઈનોવેશનનું નામ : રસરંગ ભર્યું બાળ અધ્યયન**

• **શિક્ષકનું નામ : રમેશચંદ્ર સી. મુલિયા**

Mobile : 79907 78499

Email : rcmulia1978@gmail.com

• **શાળાનું નામ : શ્રી પ્રાથમિક શાળા નં. ૮, જોરાવરનગર, જિ.સુરેન્દ્રનગર.**




## હેતુઓ :

- કલ્પનાશક્તિનો વિકાસ થાય.
- તર્કશક્તિનો વિકાસ થાય.
- શ્રવણશક્તિ અને અર્થગ્રહણશક્તિ વિકસે.
- વાંચન પ્રત્યે રસ કેળવાય.
- પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન મેળવે.
- બાહ્યજ્ઞાનનો વિકાસ થાય.
- જિજ્ઞાસાવૃત્તિ દ્વારા જાણકારી મેળવી શકે.

## કાર્યપદ્ધતિ :

- આ પ્રયોગની શરૂઆત ૧૭ જૂનથી કરવામાં આવી. શેરી શિક્ષણમાં ૮ બાળકોથી શરૂ કરેલી આ પ્રવૃત્તિમાં આજે ૩૦ બાળકો જોડાય છે અને રસપૂર્વક ભાગ લે છે. બાળકોને બાળવાર્તા અને રંગપૂરણીમાં ખૂબ જ રસ હોય છે. તેથી મેં બાળસાહિત્યની ઝગમગ પૂર્તિ દ્વારા બાળકોને વર્ગમાં અધ્યયન કાર્ય કરાવ્યું. જેમાં બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.
- સૌપ્રથમ ઝગમગ પૂર્તિ એકઠી કરી અને તેમાંથી બાળકો સમક્ષ વાર્તા રજૂ કરી. જેમાં બાળકોને ખૂબ જ મજા પડી. તેવી જ રીતે ચિત્ર રંગપૂરણી, અંકચિત્ર, બાળકાવ્યો, ઉખાણાં, પ્રસંગકથા, ચિત્રવાર્તા, જાણવા જેવું, કોયડા પઝલ્સ, સ્પેલિંગ પૂર્તિ, વૈજ્ઞાનિકોનો પરિચય, ઐતિહાસિક પ્રવૃત્તિઓ બાળકોને કરાવી. જેમાં ૩૦ બાળકોએ રસપૂર્વક ભાગ લીધો.
- જેના દ્વારા બાળકોની જિજ્ઞાસાવૃત્તિ, કલ્પનાશક્તિ, તર્કશક્તિ, હસ્તકૌશલ્ય, શ્રવણ કૌશલ્ય, અર્થગ્રહણ, વાંચન કૌશલ્ય જેવા કૌશલ્યોનો વિકાસ થયો. આમ બાળ અધ્યયનમાં બાળ સાહિત્ય ખૂબ જ અનિવાર્ય છે. તેવું મને મારા આ વર્ગકાર્ય પરથી જાણવા મળ્યું અને રસરંગભર્યું બાળ અધ્યયન વર્ગમાં ખૂબ જ અસરકારક રહ્યું.

## મૂલ્યાંકન :

- સમગ્ર પ્રવૃત્તિનું મૂલ્યાંકન કરતા બાળકોમાં વાંચન, ગણન, અર્થગ્રહણ, જિજ્ઞાસાવૃત્તિ, કલ્પનાશક્તિ, તર્કશક્તિ, શાળામાં નિયમિતતા, બાહ્યજ્ઞાનમાં વધારો તેમજ ઈતિહાસ, પર્યાવરણ, વિજ્ઞાન જેવા વિષયોમાં રસ લેતા થયા.

## પરિણામ :

- શેરી શિક્ષણમાં ૮ બાળકોથી શરૂ કરેલી આ પ્રવૃત્તિમાં ધીમે ધીમે ૩૦થી વધારે બાળકો જોડાયા અને બધી જ પ્રવૃત્તિમાં રસપૂર્વક લાભ લેવા લાગ્યા. અને સતત ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓ નિયમિત શાળાએ આવવા લાગ્યા. આજે શાળામાં મારા વર્ગમાં ૩૯ બાળકોમાંથી દર શનિવારે ૩૦ જેટલા બાળકો આ પ્રવૃત્તિમાં ભાગ લે છે અને સરેરાશ ૩૦થી ૩૫ જેટલાં બાળકો હાજર રહે છે.

- **ઈનોવેશનનું નામ** : **પ્રોજેક્ટ દ્વારા અંગ્રેજી શિક્ષણ અને મૂલ્યાંકન (અ.નિ. આધારીત)**
- **શિક્ષકનું નામ** : **પુનમબેન બી. રાવલ**
  Mobile : 96626 02345
  Email : punamraval12@gmail.com
- **શાળાનું નામ** : શ્રી ઊંટડી પે. સે. શાળા, તા.લીંબડી, દાજીપરા પ્રા. શાળા નં.૫, તા.વઢવાણ, જિ.સુરેન્દ્રનગર.




## હેતુઓ :

- બાળકો પોતાના રોજીંદી જીવન શૈલીમાં અંગ્રેજી ભાષાનો પ્રયોગ કરે.
- બાળકો અંગ્રેજીનો ઉપયોગ વધારે.
- અંગ્રેજીનો ડર દૂર થાય.
- અંગ્રેજીનાં પરીક્ષાના પેપરમાં આવતી અધ્યયન નિષ્પત્તિઓ માટે બાળકોને પ્રેક્ટીસ થાય.
- પાઠ્યપુસ્તકમાં ચાલતાં પાઠ સાથે સાથે બાળકોનું સતત મૂલ્યાંકન થતું જાય.
- પાઠ્યપુસ્તક નિર્માણના હેતુઓ સિધ્ધ થાય.

## કાર્ય પદ્ધતિ :

- શાળાનાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકમાં પાઠ દરમ્યાન આવતી અધ્યયન નિષ્પત્તિઓને આધારે પ્રોજેક્ટ વર્ક આપવાનું.
- એનાં આધારે એ લોકોને પ્રશ્નપત્રમાં એ પ્રકારે પ્રશ્ન પૂછાશે.
- એની પ્રેક્ટીસ થશે અને એ પ્રોજેક્ટ્સ આધારે આપણે મૂલ્યાંકન પણ આસાનીથી કરી શકીશું.

## મૂલ્યાંકન :

- બાળકોને સોંપેલું પ્રોજેક્ટ વર્ક એમણે કર્યાંનાં આધારે એમની અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરી શકાય છે.

## પરિણામ :

- તેજસ્વીથી માંડી પ્રિય બાળકોની પણ અધ્યયન નિષ્પત્તિઓને સિદ્ધ કરી શકાય છે.

- ઈનોવેશનનું નામ : **નાસ્તામાં નવીનીકરણ**
- શિક્ષકનું નામ : **મુકેશભાઈ શીવાભાઈ બદ્રેશિયા**
  Mobile : 98794 97555
  Email : mspatel551972@gmail.com
- શાળાનું નામ : શ્રી પ્રાથમિક શાળા નં.૧૭, તા. વઢવાણ, જિ.સુરેન્દ્રનગર.




## હેતુઓ :

- વિદ્યાર્થીઓને બજારના તૈયાર ફૂડ પેકેટ ખાવાની ટેવ છોડાવવી.
- વિદ્યાર્થીઓને પરંપરાગત નાસ્તામાંથી મળતા પોષક તત્વોની જાણકારી આપવી.
- વિદ્યાર્થીઓ દેશી પરંપરાગત નાસ્તા તરફ પાછા વળે.

## કાર્ય પદ્ધતિ :

- શિક્ષકો સાથે મિટિંગ કરી.
- વિદ્યાર્થીઓને વર્ગમાં જઈને સમજાવવામાં આવ્યા.
- વાલીઓ સાથે મિટીંગ કરીને તેમનો સહકાર માંગવામાં આવ્યો.
- વાલીઓ બાળકોને પાંચ–દસ રૂપિયા વાપરવા નહીં આપતા ઘેરથી જ નાસ્તો બનાવીને આપે.
- વાલીઓ બાળકોને નાસ્તામાં ઋતુ અનુસારના ફળ આપે.
- બપોરે શાક–રોટલી, છાશનું ટીફીન લઈને આવે તે માટે બાળકોને કહેવામાં આવ્યું.
- શાળાએ પણ શિક્ષકોની મદદથી નાસ્તા સપ્તાહનું આયોજન કરીને પરંપરાગત નાસ્તા જેવા કે દાળિયા, શીંગ, વટાણા, સોયાબીન વગેરે આપ્યા.
- ફ્રુટ સપ્તાહનું આયોજન કરીને બાળકોને દરરોજ એક અલગ–અલગ ફળ જેવા કે સફરજન, જામફળ, કેળા, આમળા, પપૈયું વગેરે આપવામાં આવ્યું.

## મૂલ્યાંકન :

- રીશેષમાં વિદ્યાર્થીઓનું અવલોકન કરીને મૂલ્યાંકન કર્યું.
- શિક્ષકો અને વાલીઓ જોડે વાત કરી મૂલ્યાંકન કર્યું.

## પરિણામ :

- ૯૭ ટકા બાળકો બજારના તૈયાર ફૂડપેકેટ ખાતા બંધ થયા.
- વિદ્યાર્થીઓ ઘેરથી નાસ્તો લાવતા અને ખાતા થયા.
- શાળામાં પ્લાસ્ટીકનો કચરો મેદાનમાં ઉડતો બંધ થયો.

# 7th DISTRICT LEVEL EDUCATIONAL INNOVATION FESTIVAL, 2021-22

- **ઈનોવેશનનું નામ** : **વર્ગ એ જ સ્વર્ગ**
- **શિક્ષકનું નામ** : **જાદવ મહાવીરભાઈ અદેસંગભાઈ**


Mobile : 99047 04734
Email : jadavmahavirbhai91@gmail.com


- **શાળાનું નામ** : **શ્રી ધલવાણા પ્રાથમિક શાળા**



## હેતુઓ :

- બાળકોને સામાજિક વિજ્ઞાનમાં રસ રુચિ વધે.
- બાળકો જે તે એકમોમાં જાતે પ્રવૃત્તિમય રહે.
- રમતા–રમતા જ્ઞાન પ્રાપ્ત કરે.
- વિદ્યાર્થીઓ નવરાશની પળોમાં જૂથ કાર્ય કરી શકે.
- બાળકોને નવી નવી પ્રવૃત્તિ કરવાની તત્પરતા વધે છે.

## કાર્યપદ્ધતિ :

- કોરોના મહામારીના સમય બાદ શાળામાં બાળકો આવતા થયા. પરંતુ ત્યારબાદ એક સમસ્યા જોવા મળી છે કે બાળકોને સામાજિક વિજ્ઞાન વિષયમાં અભ્યાસ કરવામાં નિરસતા જોવા મળી.
- તો તેના અનુસંધાને મારા દ્વારા સામાજિક વિજ્ઞાનના દરેક એકમમાં અલગ–અલગ પ્રવૃત્તિ થકી શિક્ષણ આપવાનું ચાલુ કરવામાં આવ્યું. કે જેથી કરી તેમાં બાળકોની પણ ભાગીદારી બને.
- જેમ કે "ભૂમિ સ્વરૂપ" એકમ છે તો વર્ગના બાળકોને અલગ–અલગ શોર્ટકટ સુત્રો બનાવવામાં આવ્યા.
- આમ અલગ–અલગ પ્રવૃત્તિ થકી "વર્ગને જ સ્વર્ગ" તૈયાર કરવામાં આવ્યો. આમ ધીમે ધીમે બાળકો સામાજિક વિજ્ઞાન વિષયમાં રસ લેતા થયા.

## મૂલ્યાંકન :

- બાળકોની પ્રવૃત્તિનું અવલોકન કરેલ
- મૌખિક પ્રશ્નોત્તરી, લેખિત કસોટી અને બાળકોની સામાજિક વિજ્ઞાન વિષયમાં અલગ–અલગ પ્રવૃત્તિઓમાં ભાગીદારી.

## પરિણામ :

- બાળકો સામાજિક વિજ્ઞાન વિષયમાં રસ લેતા થયા.
- બાળકો દરેક પ્રવૃત્તિમાં ઉત્સાહથી ભાગીદાર બને છે.
- બાળકોની વિચાર શક્તિમાં વધારો થયો.
- બાળકોની ગભરામણ દૂર થઈ.
- બાળકો જાતે શીખતા થયા.
- સામાજિક વિજ્ઞાનના કઠિન એકમને સરળ રીતે સમજી શકે છે.
- શિક્ષક અને વિદ્યાર્થીઓમાં આત્મીયતા વધી.
- અઘરા અને વધુ નામો સરળતાથી યાદ રાખી શકે છે.



- ઈનોવેશનનું નામ : **મને ઓળખો**
- શિક્ષકનું નામ : **શબ્બીરહુસેન અહમદહુસેન વ્હોરા**

Mobile : 97142 11243
Email : savhora1973@gmail.com

- શાળાનું નામ : કુમાર પ્રાથમિક શાળા, જાંબુ, તા. લીંબડી, જિ.સુરેન્દ્રનગર

## હેતુઓ :

- બાળકનો શિક્ષણમાં રસ ઉજાગર કરવો.
- સાદા શબ્દો, સાદા વાક્યોને ઓળખે છે અને રસપૂર્વક વાંચે છે.
- બાળકનો વાંચન પ્રત્યેનો ડર દૂર થાય છે.

## કાર્યપદ્ધતિ :

- બાળકમાં શિક્ષણ પ્રત્યે રસપૂર્વક જોડાવવામાં સૌ પ્રથમ મૂળાક્ષરની ઓળખ કરાવવા પોલીથીનની થેલી પર માર્કર પેનથી મૂળાક્ષરો લખી બાળકને અને ધ્યાનપૂર્વક અક્ષરો ઓળખવાની પ્રક્રિયા શરૂ કરી.
- મૂળાક્ષરોની ઓળખ થઇ ગયા પછી કાનાવાળા મૂળાક્ષરો અને કાનામાત્રા વગરના શબ્દોની ઓળખ કરાવી બાળક પાસે વંચાવવા પ્રયત્નો કરવામાં આવે છે.
- બાળક ઝડપથી અને રસપૂર્વક વાંચન લેખનની પ્રક્રિયામાં આગળ વધે છે.

## મૂલ્યાંકન :

- અવલોકન કરતા જાણવા મળ્યું કે આઠ બાળકોમાંથી સાત બાળકો શબ્દોને ઓળખે છે અને વાંચે છે.

## પરિણામ :

- ધોરણ–પમાં ૩૮ બાળકો અભ્યાસ કરે છે જેમાં આઠ બાળકો વાંચન–લેખનમાં નબળા છે જે આઠમાંથી સાત બાળકો કાનામાત્ર વગરના શબ્દો અને કાનાવાળા શબ્દો, વાક્યો વાંચી અને લખી શકે છે.
- એક બાળકને હજી વાંચવામાં તકલીફ પડે છે. માટે મારો આ નવતર પ્રયોગ હાલ કાર્યરત છે.

## લક્ષ :

- દરેક બાળકને વાંચતા–લખતાં આવડે.

- ઈનોવેશનનું નામ : **રમતમાં વિજ્ઞાન, વિજ્ઞાનમાં રમત**
- શિક્ષકનું નામ : **સ્વાતિ ભાવિક જોષી**
  Mobile : 95375 50163
  Email : sj862849@gmail.com
- શાળાનું નામ : **શ્રી ધામા પ્રાથમિક શાળા, તા.પાટડી, જિ.સુરેન્દ્રનગર.**




## હેતુઓ :

- કઠિન વિષય ગણિત–વિજ્ઞાન જેવા વિષયમાં બાળકની રસ રુચિ કેળવાય અને સિદ્ધાંતો સરળતાથી સમજાવી શકાય.

## કાર્યપદ્ધતિ :

- મને વિચાર આવ્યો કે અઘરા વિષયોમાં બાળકને રસ લેતા કરાવો હોય તો વિષયને સરળ બનાવી તેને રમત કે રમકડાં સાથે જોડી દેવામાં આવે તો બાળકને તેમાં આપોઆપ રુચિ જાગશે.
- અઘરા સિદ્ધાંતો સહેલાઈથી સમજાવી શકાશે.
- જે પૈકીના કેટલાક ટોપીકને અનુલક્ષીને વિજ્ઞાનના રમકડાં બનાવી વિદ્યાર્થીને તેની સાથે જોડવામાં આવ્યાં.
  (૧) ચક્રીય ગતિનું ઉ.દા.–ભમરડા દ્વારા
  (૨) ભૂમિનો પ્રકાર – માટીના રમકડાંની બનાવટ દ્વારા
  (૩) ચુંબકીય ક્ષેત્રની સમજ આપવા – જાદુઈ બોલ...
  વગેરે સંદર્ભે રમકડાં બાળકો દ્વારા બનાવવામાં આવ્યાં.

## મૂલ્યાંકન :

- દરેક ટોપિકના અંતે મૂલ્યાંકન કરતાં માલૂમ થયું કે બાળક પોતાની જાતને સરળતાથી વિજ્ઞાન અને સિદ્ધાંતો સાથે જોડવા લાગ્યો.

## પરિણામ :

- બાળકોને વિષયમાં રસ કેળવાતો થયો.
- સર્જન શક્તિ અને અવલોકન શક્તિમાં વધારો થયો.
- અઘરા વિષયનો ડર દૂર થઈ આત્મવિશ્વાસ વધ્યો.
- રમત–રમતમાં વિજ્ઞાનના સિદ્ધાંતો સરળતાથી સમજી શકાયા. વર્ગખંડ જીવંત લાગવા લાગ્યો.
- બાળકોના મનમાં પ્રશ્નો અને જીજ્ઞાસાવૃત્તિ વધવા લાગ્યા.
- આમ સાચા અર્થમાં ''ભાર વગરનું શિક્ષણ'' બનાવી શકાય તેનો આનંદ આવ્યો.

• ઈનોવેશનનું નામ : **લોક-જાગૃતિ થકી શાળા-વિકાસ**

• શિક્ષકનું નામ : **ભગવતદાન ગુલાબસંગ ગઢવી**

Mobile : 99092 39668

Email : bhagvatdangadhavi76@gmail.com

• શાળાનું નામ : **શ્રી ઝાડિયાણા પ્રાથમિક શાળા, તા.પાટડી, જિ.સુરેન્દ્રનગર**




## હેતુઓ :

- બાળકોના શિક્ષણ પ્રત્યે વાલીઓમાં જાગૃતિ વધે.
- લાક જાગૃતિ દ્વારા શાળામાં લોકભાગીદારી વધે.
- લોક ભાગીદારી દ્વારા શાળા સમૃદ્ધ બને.
- જરૂરિયાતમંદ પરિવારના બાળકોને મદદ મળે.
- મારી શાળા હરિયાળી શાળા અને સમૃદ્ધ શાળા બને.
- પોતાની શાળા બાળકોને ગમતી શાળા બને.

## કાર્યપદ્ધતિ :

- બાળકોના શિક્ષણ પ્રત્યે વાલીઓમાં જાગૃતિ વધે તે માટે સતત લોક સંપર્ક કરવામાં આવ્યો.
- લોકોને શાળા પ્રત્યે લગાવ વધે તે માટે શાળામાં વિવિધ કાર્યક્રમો કરી લોકોને આકર્ષિત કરવામાં આવ્યા.
- જેવા કે જન્મ દિવસની ઉજવણી, વાનગી સ્પર્ધા, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે...
- હરિયાળી શાળા બાળકોને ગમતી શાળા બને તે માટે સોમનાથ ચેરીટિબલ ટ્રસ્ટના સહયોગથી વૃક્ષારોપણ કરવામાં આવ્યું.
- જરૂરિયાતમંદ બાળકોને આર્થિક મદદ મળે તે માટે લોકસહકાર મેળવી બાળકોની શૈક્ષણિક જરૂરિયાતો પૂરી કરવામાં આવી.
- કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે દીકરી દત્તક યોજના શરૂ કરી. જરૂરચિાતમંદ પરિવારની દિકરીઓ તમામ શૈક્ષણિક મદદ કરવામાં આવી.
- શાળાની વિવિધ ભૌતિક સુવિધા જેવી કે રમત ગમતના સાધનો, સ્પોર્ટ કોસ્ચ્યુમ, આર.ઓ. પ્લાન્ટ, વોટરકુલર, રંગરોગાન, પ્રોજેક્ટર, ચબુતરો વગેરે જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવી.

## મૂલ્યાંકન :

- લોકજાગૃતિ થકી શાળા પ્રત્યે લોકોનો લગાવ વધતો જોવા મળ્યો.

## પરિણામ :

- લોકજાગૃતિ થકી લોકભાગીદારી વધી જેથી શાળા બિલ્ડીંગ સહિતની જરૂરિયાત મુજબ ભૌતિક સુવિધાથી શાળા સજ્જ બની.
- બાળકોને ગમતી શાળા બની.
- જરૂરીયાતમંદ પરિવારના બાળકોને શૈક્ષણિક મદદ મળી.
- સરકારી શાળા સૌની શાળાનું સૂત્ર સાકાર થયું.



- ઈનોવેશનનું નામ : **કોડીંગ ક્લાસ**
- શિક્ષકનું નામ : **નીતિનકુમાર ભરતકુમાર પંચાલ**

Mobile : 82389 14355
Email : nitinpanchal8049@gmail.com

- શાળાનું નામ : **વડિયા પ્રા. શાળા નં.૧, તા.સાયલા, જિ.સુરેન્દ્રનગર.**

## હેતુઓ :

- વિદ્યાર્થીઓ કોર્ડિંગ વિશે જાણે.
- વિદ્યાર્થીઓ મોબાઈલનો રચનાત્મક ઉપયોગ કરતાં થાય.
- રાષ્ટ્રિય શિક્ષા નીતિ ૨૦૨૦ના હેતુની સિદ્ધિ થાય.
- વિદ્યાર્થીઓ તેમણે શીખેલા કોર્ડિંગના જ્ઞાનનો વિવિધ પ્રોજેક્ટ દ્વારા વિવિધ અધ્યયન નિષ્પત્તિઓના સિદ્ધિ માટે ઉપયોગ કરતાં થાય.

## કાર્યપદ્ધતિ :

- વિદ્યાર્થીઓ કોરોના કાળ દરમ્યાન મોબાઈલનો વધારે પડતો ઉપયોગ કરવા લાગ્યા. જેમાં પણ ચોક્કસ પ્રકારની ગેમ્સ વધારે પડતી રમતા. જેથી મોબાઈલનો સદુપયોગ કરતાં થાય તેમજ ગેમ્સ પ્રત્યેનું વળગણ ઓછું થાય તે હેતુથી કોર્ડિંગ ક્લાસની શરૂઆત કવામાં આવી.
- રાષ્ટ્રીય શિક્ષા નીતિ ૨૦૨૦ અંતર્ગત વિદ્યાર્થીઓને કોર્ડિંગની પ્રારંભિક સમજ આપવાનું સૂચવ્યું છે જેથી વિદ્યાર્થીઓની ગાણિતિક અને તાર્કિક ચિંતન શક્તિનો વિકાસ થાય. કોર્ડિંગ એ આવનાર ભવિષ્યનું કૌશલ્ય છે. વિદ્યાર્થીઓ જાતે જ ગેમ્સ બનાવતા થાય તેમજ એપ બનાવતા થાય તે તેનો હેતુ છે.
- શ્રેષ્ઠ શિક્ષક તરીકે મળેલા પુરસ્કારમાંથી NCERT, DELHI તેમજ IITE, ગાંધીનગર દ્વારા યોજાયેલ ઓનલાઈન કોર્સમાં જોડાઇ પ્રારંભિક કોર્ડિંગની તાલીમ મેળવીને તે જ્ઞાનનો લાભ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.
- વિદ્યાર્થીઓ મોબાઈલમાં ગેમ રમવાને બદલે ગેમ બનાવતા થાય તેની પાછળના કોર્ડિંગને સમજે અને મોબાઈલનો સદુપયોગ શિક્ષણ મેળવવા કરે તેવા હેતુથી દર શનિવારે કોર્ડિંગ ક્લાસનું આયોજન કરવામાં આવે છે.
- જેમાં ધોરણ ૭ અને ૮ના ૨૭ જેટલા વિદ્યાર્થીઓ પ્રાથમિક કક્ષાનું કોર્ડિંગ શીખીને વિવિધ પ્રોજેક્ટ કરતાં થયા છે તેમજ આગળ શીખી રહ્યા છે. જેમાં SCRATCH JUNIOR તેમજ PICTOBLOX એપ દ્વારા વિદ્યાર્થીઓને કોર્ડિંગની તાલીમ આપવામાં આવે છે.
- સંભવતઃ સુરેન્દ્રનગર જીલ્લાની તેમજ સમગ્ર રાજ્યની પ્રથમ સરકારી શાળા હશે જ્યાં આવા કોર્ડિંગના વર્ગ શરૂ થયા હોય.

## મૂલ્યાંકન :

- વિદ્યાર્થીઓ વિવિધ પ્રોજેક્ટ તૈયાર કરતાં થયા.
- વિદ્યાર્થીઓના તાર્કિક ચિંતનમાં વધારો જોવા મળ્યો.
- વિદ્યાર્થીઓનું વિવિધ ગેમ્સ પ્રત્યેનું વળગણ ઓછુ થવા લાગ્યું.



- **ઈનોવેશનનું નામ : ઈ-કન્ટેન્ટ દ્વારા એજ્યુકેશન**
- **શિક્ષકનું નામ : સુરેશભાઈ બાબુભાઈ ધોરિયા**

Mobile : 92656 04376
Email : suresh.dhoriya09@gmail.com

- **શાળાનું નામ : શ્રી સી. ડી. કપાસી હાઈસ્કૂલ-ચુડા, તા.ચુડા, જિ.સુરેન્દ્રનગર.**

## હેતુઓ :

- વિદ્યાર્થીઓ આગામી બોર્ડની પરીક્ષામાં સારો દેખાવ કરી શકે.
- વિદ્યાર્થીઓ કોઈપણ સમયે કોઈપણ સ્થળે પોતાની અનુકૂળતાએ શિક્ષણ મેળવી શખે.
- વિદ્યાર્થીઓ ટેક્નોલોજીનો ઉપયોગ કરતાં શીખે.
- શાળાના પરિણામમાં સુધારો કરી શકાય.
- વિદ્યાર્થીઓને યાદ રહી જાય તેવી સરળ શૈલી દ્વારા શિક્ષણ મેળવી શકે.

## કાર્યપદ્ધતિ :

- કોરોનાની વૈશ્વિક મહામારીના સમયગાળા દરમિયાન મારી શાળાના માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે મહત્વનું વર્ષ ગણાતું હોવાથી શિક્ષણથી વંચિત રહેવાની મુખ્ય સમસ્યા ઉદ્દભવી. આ સમસ્યાને હલ કરવા માટે મેં આ ઇનોવેશન હાથ ધર્યું.
- શાળાઓ બંધ હોય તો ચાલે, પરંતુ શિક્ષણ બંધ ન હોવું જોઈએ.
- SMART INDIA SURESH ચેનલમાં અપલોડ કરેલા વિડિયો વિદ્યાર્થીઓને વોટ્સએપના માધ્યમથી દરરોજનો ૧ વિડીયો નિયમિત રીતે પહોંચાડવામાં આવતો. આ ચેનલમાં ધોરણ ૯ અને ધોરણ ૧૦ના દરેક એકમના વિડીયો બનાવી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી ઓનલાઇન શિક્ષણ આપવામાં આવતું.
- વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થાય તે માટે જનરલ નોલેજની એક શ્રેણી પણ બનાવી, વિદ્યાર્થીઓ સુધી ઓનલાઇન પહોંચાડવામાં આવતી હતી, જેનું નામ હતું 'ક્વિઝ ખેલો, અક્કલ ખોલો' આ ઓનલાઇન ક્વિઝ દ્વારા વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો કરી શકાયો અને ભવિષ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરી શકે તે હેતુ પણ રહેલો હતો.
- કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા સી.બી.એસ.સી. અને એન.સી.આર.ટી. દ્વારા બનાવેલ દિક્ષા પોર્ટલ પર ધોરણ ૧૦ અને ધોરણ ૯ના ઓનલાઇન વિડીયો અપલોડ કરી ઈ-કન્ટેન્ટ તૈયાર કરવામાં પણ સૌથી મત્વનો ફાળો આપ્યો હતો. દીક્ષા પોર્ટલ પર ધોરણ-૧૦ના ૮ પાઠના અને ધોરણ-૯ના પાંચ પાઠના વિડીયો બનાવ્યા. ઈ-કન્ટેન્ટ તૈયાર કરવામાં બધા જ મળી કુલ ૩૯ વિડીયો અપલોડ કરી રાજ્યનું અને જિલ્લાની અંદર ગૌરવ વધારવાની મને તક પ્રાપ્ત થઇ. ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તકમાં આ ઈ-કન્ટેન્ટ સ્વીકારવામાં આવેલ છે.

## મૂલ્યાંકન :

- ૨૦૨૦ની બોર્ડની પરીક્ષામાં ૬ વિદ્યાર્થીઓને ૯૦ કરતા પણ વધુ ગુણ પ્રાપ્ત થયા. તેમજ સરકાર દ્વારા લેવામાં આવતી એકમ કસોટીમાં પણ વિદ્યાર્થીઓ ૨૫ માંથી ૨૫ ગુણ લાવી શક્યા. ગુજરાત સરકાર દ્વારા લેવાતી કસોટીમાં પણ મારી શાળાના ૪ વિદ્યાર્થીઓ ટોપ ૧૦માં આવ્યા.

## પરિણામ :

- વિદ્યાર્થીઓ પરીક્ષાના પરિણામની ટકાવારીમાં વધારો કરી ક્યા.
- શાળાના અને વિષયનાં પરિણામમાં સુધારો થયો.
- વિષય શિક્ષક વગરની શાળાના વિદ્યાર્થીઓને ઓનલાઇન શિક્ષણ પ્રાપ્ત થયું.
- વિદ્યાર્થીઓ ઘેરબેઠા અભ્યાસ કરી શક્યા.

- **ઈનોવેશનનું નામ : હાજરીની જાગૃતતા**
- **શિક્ષકનું નામ : જમોડ પ્રવિણભાઈ પ્રભુભાઈ**

Mobile : 97240 18997
Email : pravinjamod87@gmail.com

- **શાળાનું નામ : શ્રી ખાખરાળા પ્રા. શાળા, તા. મૂળી, જિ. સુરેન્દ્રનગર**



## હેતુઓ :

- લાભાર્થીની હાજરી/ગેરહાજરીની વાલીઓને તાત્કાલિક જાણ થાય.
- વિદ્યાર્થીઓની ગેરહાજરીનું પ્રમાણ ઘટે.
- વિદ્યાર્થીઓની શૈક્ષણિક ઉપલબ્ધિઓથી વાલીઓ પરિચિત થાય.
- શિક્ષણમાં વાલીઓની રસ, રુચિ અને સક્રિયતા વધે.
- સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનમાં વાલીઓની સહભાગિતા વધે.

## કાર્યપદ્ધતિ :

- બાળકોની ગેરહાજરી અને વાલીઓની શિક્ષણ પ્રત્યે ઉદાસીનતાને જોતા આ નવતર પ્રયોગ અમલમાં મુકવાનો વિચાર આવ્યો.
- એક નાણાંકીય mobile App 'KHATABOOK'ને શિક્ષણમાં ઉપયોગ કરવાનો પ્રયોગ કરવામાં આવ્યો.
- સૌ પ્રથમ ખાતાબુક ઈન્સ્ટોલ કરી તેમાં ધોરણનું એકાઉન્ટ બનાવી દરેક વિદ્યાર્થીના નામ અને વાલીઓના નંબર એડ કરવામાં આવ્યા.
- દરેક વિદ્યાર્થીઓનું ખાતું બનાવવામાં આવ્યું. જેમાં તેમની હાજરી-ગેરહાજરીને જમા-ઉધાર તરીકે લેવામાં આવ્યા.
- જો બાળક હાજર રહે તો તેના ખાતામાં રૂા.૧/- જમા અને ગેરહાજર રહે તો રૂા.૧/- ઉધારની એન્ટ્રી અને તેની સાથે સાથે હાજર ગેરહાજરની નોંધ કરવામાં આવે છે.
- જેવી ખાતાબુકમાં એન્ટ્રી થાય કે તરત જ તેમના વાલીના મોબાઈલમાં એક મેસેજ જાય. જેનાથી વાલીઓને જાણ થાય કે તેઓનું બાળક શાળામાં પહોંચી ગયું છે કે નથી પહોંચ્યું.
- માસના અંતે બાળકના ખાતામાં જેટલી જમા રકમ હશે તેટલી રકમની વસ્તુ ઈનામ સ્વરૂપે આપવામાં આવે છે.
- ઉદાહરણઃ એક માસમાં ૨૦ દિવસ હાજર અને ૫ દિવસ ગેરહાજર હોઈ તો ખાતાબુક પ્રમાણે ૨૦-૫ = ૧૫ રૂા.ની વસ્તુ ઈનામ સ્વરૂપે આપવામાં આવે છે.
- હાજરી સાથે સાથે એકમ કસોટીની નોંધ, અધ્યયન નિષ્પત્તિની નોંધ, શૈ.ઉપલબ્ધિની નોંધ, કોઈ સૂચના પણ સરળતાથી અને તાત્કાલિક વ્યક્તિગત રીતે જણાવી શકાય છે.

## પરિણામ :

- બાળકોની ગેરહાજરીનું પ્રમાણ નિરંતર ઘટી જાય છે.
- વાલીને સીધી જાણ થતી હોય બાળકોની ગેરહાજરીનું પ્રમાણ ઓછું થવાની સાથે સાથે શૈ.ઉપલબ્ધિ મેળવવામાં રહેતી કચાસ પણ દૂર થાય છે.
- વાલીઓની શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા દૂર થાય છે અને બાળકના શિક્ષણમાં રસ લઈ સક્રિય ભુમિકા ભજવે છે.
- હાજરી પ્રમાણે ઈનામ મળતું હોવાથી બાળકોમાં શાળામાં હાજર રહેવાની એક તંદુરસ્ત હરીફાઈ થાય છે.

**ખર્ચ :** તદ્દન મફત (મેસેજ પણ ફ્રીમાં થાય છે.)



• ઈનોવેશનનું નામ : લાઈવ ક્વિઝ
• શિક્ષકનું નામ : અજીતભાઈ એસ. ચાવડા
Mobile : 96622 97298
Email : ajit.chavda230@gmail.com
• શાળાનું નામ : શ્રી સોમાસર પ્રા. શાળા, તા.મૂળી, જિ.સુરેન્દ્રનગર.

## હેતુઓ :

- વિદ્યાર્થીઓ વિચારતા થાય.
- વિદ્યાર્થીઓ ત્વરિત નિર્ણય લઈ જવાબો આપે.
- કોમ્પિટીશન પરિક્ષામાં સફળતા મેળવે.
- વિદ્યાર્થીઓની કલ્પના શક્તિનો વિકાસ થાય.
- વિદ્યાર્થીઓના મનમાંથી પરીક્ષાનો ડર દૂર થાય.
- બાહ્ય પરીક્ષામાં સારા ગુણ મેળવી શકે.
- વિદ્યાર્થીઓના વ્યવહારિક જ્ઞાનમાં વૃદ્ધિ થાય.
- વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો વિકાસ થાય.

## કાર્યપદ્ધતિ :

- આ પ્રકારની ક્વિઝની શરૂઆત ૨૦૧૮થી કરવામાં આવેલ છે. જે કોરોનાકાળ દરમ્યાન બંધ રાખવી પડેલ. જે હાલ ફરી શરૂ કરેલ છે. જેમાં વિદ્યાર્થીઓએ દરેક વિષયમાં દરરોજ શીખેલી અધ્યયન નિષ્પતીઓ માહેનાં અભ્યાસમાંથી બીજા દિવસની શરૂઆત પહેલા શાળામાં ૩૦ મિનિટ વહેલા પહોંચી લાઈવ ક્વિઝ લેવામાં આવે છે.
- શીખેલા વિષયો હોવાથી લાઈવ ક્વિઝમાં સારો દેખાવ કરે છે. જેમાં સૌથી ઝડપી જવાબ અપનાર વિદ્યાર્થીનું બ્લેક બોર્ડમાં નામ લખી નોંધણી થાય છે.
- સૌથી વધુ વખ સાચા જવાબ આપનાર પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને દરરોજ ઈનામ આપી પ્રોત્સાહિત કરાય છે. આ પ્રકારે તરત બીજી વખત ફરીથી ક્વિઝ લેવામાં આવે છે. ત્યારે અગાઉ વિજેતા થયેલા વિદ્યાર્થીઓને મુખ્ય મહેમાન તરીકે આગળ બેસાડી રખાય છે.
- જે ક્વિઝ નિહાળે છે. આ પ્રકારે બીજી વખત ક્વિઝ લેવાથી બાકીના વિદ્યાર્થીઓને સારો દેખાવ કરવાનો ચાન્સ મળે છે. અને બધા વિદ્યાર્થીઓને પુરતો મહાવોર થાય છે. શિક્ષણમાં ઉપયોગી વસ્તુઓ ઈનામ રૂપે અપાય છે. જેનો ખર્ચ શરૂઆતમાં હું પોતે ઉઠાવતો પણ હવે ઘણાબધા દાતાઓ સામેથી મદદ કરી રહ્યા છે.

## મૂલ્યાંકન :

- શાળા સમય કરતાં વહેલા આવે છે.
- જેથી શાળાના શિક્ષણકાર્યમાં અવરોધ નડતો નથી.
- ઈનામ પ્રાપ્ત કરવાની ધગસને કારણે અભ્યાસમાં પુરતું ધ્યાન આપે છે.
- દરેક વિદ્યાર્થીઓ ચાલેલા અભ્યાસનો મહાવરો કરી તૈયારી કરી રાખે છે.
- ઝડપી ને સચોટ જવાબ આપી તેનું વિવરણ પણ કરી શકે છે.

## પરિણામ :

- અગાઉનાં જે જે ધોરણોનાં વિદ્યાર્થીઓએ જે તે વર્ષોમાં ક્વિઝમાં ભાગ લઈ પારંગત થયેલા તેવા વિદ્યાર્થીઓની શિક્ષણસિદ્ધિનો ગ્રાફ હાલનાં ધોરણોમાં ઉંચો જોવા મળી રહ્યો છે.
- એન.એમ.એમ.એસ. જવાહર નવોદયની પરિક્ષામાં સફળતા હાંસલ કરી રહ્યા છે.



- **ઈનોવેશનનું નામ : બોલતી દિવાલો**
- **શિક્ષકનું નામ : જેતાવત મહિપાલસિંહ સજ્જનસિંહ**

Mobile : 97142 12474
Email : tidana.snr.muli.muli1@gmail.com

- **શાળાનું નામ : શ્રી ટીડાણા પ્રા. શાળા, તા.મૂળી, જિ.સુરેન્દ્રનગર.**

## હેતુઓ :

- શૈક્ષણિક સામગ્રી નિર્માણ.
- વિષય પ્રમાણે વર્ગખંડ નિર્માણ.
- લાંબો સમય ઉપયોગી થાય તેવી શૈક્ષણિક સામગ્રી નિર્માણ કરવી.
- શાળાને આર્થિક મદદ થાય.
- આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને પરોક્ષ રીતે મદદરૂપ થવું.

## કાર્યપદ્ધતિ :

- શાળામાં વર્ગખંડની દીવાલોનો આપણે શૈક્ષણિક સામગ્રી તરીકે ઉપયોગ કરી શકીએ તે વિચારથી નવાચાર અમલમાં મુકવામાં આવ્યો.
- શાળાના વર્ગખંડોને અલગ અલગ વિષય વર્ગ તરીકે પસંદ કરવામાં આવ્યા.
- જેમ કે પ્રજ્ઞા વર્ગ ગુજરાતી, પ્રજ્ઞા વર્ગ ગણિત, સામાજિક વિજ્ઞાન વર્ગ ધોરણ ૬, ૭, ૮, ભાષા વર્ગ ધોરણ ૬, ૭, ૮ તથા ગણિત વિજ્ઞાન વર્ગ ૬, ૭, ૮.
- દરેક વર્ગને અનુરૂપ શૈક્ષણિક સામગ્રી પસંદ કરી પોસ્ટર તૈયાર કરવા.
- આ પોસ્ટર પ્રિન્ટ કરાવી શાળાની દીવાલો પર સરખી ઉંચાઇ પ્રમાણે લગાડવવા.
- બાળકો ગમે ત્યારે પોતાના સમયે તેનો ઉપયોગ કરી શકશે.
- આ સામગ્રી લાંબો સમય સુધી ઉપયોગમાં લઇ શકાશે.

## પરિણામ :

- શાળામાં વિષય વસ્તુ આધારિત વર્ગખંડ તૈયાર થઇ ગયા.
- પોસ્ટર એકવાર લગાવ્યા પછી લાંબો સમય સુધી તેનો ઉપયોગ કરી શકાય છે.
- આપણા જીલ્લાની ૧૫ શાળાના અંદાજે ૨૦૦૦ વિદ્યાર્થીઓ આ પોસ્ટરનો લાભ લીધેલ છે.
- વર્ગખંડને જ્ઞાનનો ભંડાર બનાવી ક્યા.
- શિક્ષકની મદદ વિના પણ વિદ્યાર્થીઓ જાતે જ્ઞાન મેળવતા થયા.

## વિશેષ હેતુ :

- પોસ્ટરની આવકમાંથી આર્થિક રીતે નબળા વિદ્યાર્થીને મદદરૂપ થવું.

• ઈનોવેશનનું નામ : **રોજિંદા જીવનના અનુભવોમાંથી વ્યવહારિક જ્ઞાનમાં વૃદ્ધિ**

• શિક્ષકનું નામ : **હેતલબેન નરેન્દ્રભાઈ પટેલ**
Mobile : 70167 33871, 94092 84827 (Whatsapp Number)
Email : hetalpatel2475@gmail.com

• શાળાનું નામ : **શ્રી સીતાગઢ પ્રાથમિક શાળા, તા.સાયલા, જિ.સુરેન્દ્રનગર.**



## હેતુઓ :

- વિદ્યાર્થીઓની કલ્પના શક્તિનો વિકાસ થાય.
- બાહ્ય પરીક્ષામાં સારા ગુણ મેળવી શકે.
- વિદ્યાર્થીઓના વ્યવહારિક જ્ઞાનમાં વૃદ્ધિ થાય.

## કાર્યપદ્ધતિ :

- વિદ્યાર્થીઓને વોટ્સએપ ગ્રુપ દ્વારા વિડિયો મોકલીને, ફોન દ્વારા, મેસેજ તેમજ માઈક્રોસોફ્ટ ટીમ દ્વારા ઓનલાઈન ક્લાસમાં જોડવામાં આવે છે.
- વિદ્યાર્થીઓ નિયમિત વાંચન કરતા થાય તે માટે વાર્તાના પુસ્તકો આપવામાં આવે છે.
- જાહેરાતનું નિદર્શન કરીને તેઓ વિચારતા થાય તે માટે પ્રયત્ન કરવામાં આવે છે.
- વર્ગખંડમાં યુ-ટ્યુબ પર, જી-શાળા પર વીડિયો નિદર્શન નિયમિત રીતે કરવામાં આવે છે. વર્તમાન પત્રનું નિદર્શન અને જાહેરાતનું આદર્શ વાંચન કરવામાં આવે છે. તેઓ ઘરમાં કોઈ વસ્તુ લાવેલ હોય તો તેના પેકિંગની ચર્ચા વર્ગમાં કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ પોતાની નોટબુકમાં મનપસંદ પેકિંગ અને ચિત્ર ચોંટાડીને તેના વિશે ચર્ચા કરે છે. પ્રશ્નોત્તરી કરવામાં આવે છે.

## મૂલ્યાંકન :

- નોટબુકમાં ચોંટાડેલ ચિત્રનું નિદર્શન, તેનું વર્ણન અને પ્રશ્નોની ચર્ચા કરવામાં આવે છે.
- દરેક વિદ્યાર્થીએ કરેલા કાર્યની ચર્ચા કરવામાં આવે છે.
- જોયેલી અને વાંચેલી જાહેરાત વિશે નોંધ અને ચર્ચા કરવામાં આવે છે.
- દિવાલ અથવા ભીંતચિત્ર પર દોરેલ જાહેરાત વિશે વાંચન અને પ્રશ્નોત્તરી કરવામાં આવે છે.

## પરિણામ :

- વર્ગમાં થતી ચર્ચામાં ભાગ લે છે.
- પરીક્ષાનો ડર ઓછો થતો જોવા મળ્યો છે.
- દરેક વિદ્યાર્થી સોંપાયેલું કાર્ય સારી રીતે કરતા થયા.
- વિદ્યાર્થીઓ જાતે પ્રવૃત્તિ કરતા થયા.
- નવોદય પરીક્ષા, NMMS પરીક્ષામાં ભાગ લેતા થયા.
- એકમ કસોટીમાં પ્રશ્નોના જવાબ લખવામાં સારો દેખાવ કરતા થયા.

• ઈનોવેશનનું નામ : **તત્વનાં નામ સાથે હાજરી**

• શિક્ષકનું નામ : **મોનિકાબેન આર. વર્મા**

Mobile : 79904 63343

Email : mona761992@gmail.com

• શાળાનું નામ : **શ્રી ભાડુકા પ્રાથમિક શાળા, તા.સાયલા, જિ. સુરેન્દ્રનગર.**




## હેતુઓ :

- વિદ્યાર્થીઓ પરમાણું ક્રમાંકના ક્રમાનુસાર તત્વના નામ યાદ રાખે.
- તત્વોની ઈલેક્ટ્રોન રચના સમજે.
- સમીકરણનો ઉપયોગ કરી સામાન્ય રાસાયણિક પ્રક્રિયા લખી શકે.

## કાર્યપદ્ધતિ :

- શાળામાં હાજરી પૂરવાનું કાર્ય સૌ પ્રથમ કરવામાં આવે છે.
- આ હાજરીમાં વિદ્યાર્થીઓનાં હાજરી ક્રમાંક સાથે તે ક્રમાંકને સંગત પરમાણુ ક્રમાંક ધરાવતાં તત્વોનાં નામ જોડી દીધા.
- જેથી હાજરીની પ્રક્રિયા દરમિયાન હાજરી ક્રમાંક ૧ બોલતા ૧ નંબરનાં પરમાણું ક્રમાંક ધરાવતાં તત્વનું નામ બોલશે. એટલે ૧–હાઇડ્રોન, ૨–હિલિયમ, ૩–લિથિયમ, ...

## મૂલ્યાંકન :

- દરરોજ હાજરી પૂરતાં વિદ્યાર્થી જે–તે ક્રમાંક સાથે તત્વનું નામ અને ગેરહાજર વિદ્યાર્થીનાં તત્વનું નામ બોલે છે કે કેમ તેનું નિરીક્ષણ કરી મૂલ્યાંકન કર્યું.

## પરિણામ :

- વિદ્યાર્થીઓ ૧ થી ૨૯ તત્વોના પરમાણું ક્રમાંક જાણે છે.
- કેટલાંક વિદ્યાર્થીઓ સંજ્ઞા પણ લખતા/ઓળખતા થઇ ગયા અને તે આધારિત સંયોજનોનાં અણુસૂત્ર અને સામાન્ય રાસાયણિક પ્રક્રિયાઓ પણ જાતે લખતા/સમજતાં થઈ ગયાં છે.




• ઈનોવેશનનું નામ : **સર્વાંગી શિક્ષણની ઈ-માર્ગદર્શિકા**

• શિક્ષકનું નામ : **રાણા નયનાબેન રાવજીભાઈ**

Mobile : 94290 34173

Email : rajarana25223@gmail.com

• શાળાનું નામ : શ્રી ચિરોડા ભાદર પ્રાથમિક શાળા, તા.ચોટીલા, જિ.સુરેન્દ્રનગર.


## હેતુઓ :

- સર્વાંગી શિક્ષણમાં આવતા વિષયો જેવા કે શારીરિક શિક્ષણ, સંગીત અને ચિત્રના એકમોને બાળકો વિડિયોના માધ્યમથી સરળતાથી સમજી શકે અને રોજિંદા જીવનમાં ઉપયોગ કરી શકે.
- બાળકો શિષ્યવૃત્તિની પરીક્ષાઓ, સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આવતા સર્વાંગી શિક્ષણના પ્રશ્નોના જવાબ સરળતાથી આપી શકે.

## કાર્યપદ્ધતિ :

- બાળકોનો સર્જનાત્મક વિકાસ સર્વાંગી શિક્ષણ આભારી હોય છે.
- દરેક વિષયની જેમ સર્વાંગી શિક્ષણનો પણ બાળકો રસપૂર્વક અભ્યાસ કરે.
- માટે ધોરણ છ, સાત, આઠમાં આવતા શારીરિક શિક્ષણ ચિત્ર અને સંગીતના એકમોને સરળતાથી આઇ.સી.ટી.નો ઉપયોગ કરી વિડીયો બનાવ્યાં.
- વિડિયોને મારી ચેનલ #Raja Rana માં અપલોડ કર્યા અને તેને બાળકો સુધી પહોંચાડ્યા.
- તદુપરાંત એકમને લગતી ક્વીઝ બનાવી બાળકો સુધી મોકલી અને તેઓએ તેમાં ઉત્તીર્ણ થયા. તેઓને પ્રોત્સાહિત કરવા ઇ-સર્ટિફિકેટ મારા હસ્તાક્ષરવાળુ તેઓને ઇ-મેઇલ પર તરત જ મળી રહે તેવું આયોજન કર્યું.

## મૂલ્યાંકન :

- સર્વાંગી શિક્ષણના વિડીયો જોઇ બાળકો ક્વિઝ સમયસર ઉત્સાહપૂર્વક આપતા થયા.
- બાળકોની સાથે વાલીઓ પણ પોતાને સ્વસ્થ રાખવાના મિશનમાં જોડાયા.
- વિશ્વ યોગ દિવસની ઓનલાઇન સ્પર્ધામાં ગામ, તાલુકા તેમજ રાજ્યના ઘણા બધા લોકોએ યોગની સ્પર્ધામાં ભાગ લીધા.

## પરિણામ :

- બાળકો તેમજ વાલીઓ સર્વાંગી શિક્ષણને મહત્વ સમજી રસ ધરાવતા થયા. ઓનલાઇન યોગ સ્પર્ધામાં ચિરોડા ગામની દીકરી ખોડાણી સંધ્યાએ ૧૫૧ સૂર્ય નમસ્કાર કર્યા.
- બાળકો સાથે ઘણા વાલીઓ અને શિક્ષકોએ પણ સૂર્યનમસ્કારની સ્પર્ધામાં ભાગ લીધા. કોરોના કાળમાં થયેલા વાલીઓ અને શિક્ષકોએ નિયમિત યોગ અને પ્રાણાયામ કરી સ્વસ્થ થયા.

- **ઈનોવેશનનું નામ : કન્યા કેળવણી એક મહાયજ્ઞ**
- **શિક્ષકનું નામ : બાલસ નીતાબેન પી.**

  Mobile : 98982 24877

  Email : neetabalas17@gmail.com
- **શાળાનું નામ : શ્રી રાજપરા પ્રા. શાળા નં.૩**




## હેતુઓ :

- કન્યાઓ કુમાર સમોવડી બને.
- લૈંગિક અસમાનતા દૂર થાય.
- કન્યાઓના શિક્ષણ પ્રત્યે વાલીઓની જાગૃતતા વધે.
- શૈક્ષણિક કાર્યમાં કન્યાઓની ભાગીદારી વધે.

## કાર્યપદ્ધતિ :

- આ પ્રોજેક્ટ મે ૨૦૦૮માં ચાલુ કર્યો. ગ્રામ્ય વિસ્તારની મારી શાળાની દીકરીઓ શાળામાં અનિયમિત આવતી. અને અભ્યાસ પ્રત્યે અરુચિ હોવાથી આગળ અભ્યાસ કરતી ન હતી. ત્યારે મેં વારંવાર વાલી સંપર્ક કર્યો. કન્યા કેળવણી વિશે સમજાવ્યું. કન્યાઓને શિક્ષણ પ્રત્યેનો અણગમો દૂર થાય અને શાળાએ નિયમિત આવે એ માટે કન્યાઓ માટે એમને ગમતી પ્રવૃત્તિ ભરતગુંથણ, મહેંદી, વાનગીઓ, વેસ્ટમાંથી બેસ્ટ જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી.
- શૈક્ષણિક કાર્યક્રમમાં કુમારની સાથે જ કન્યાઓને ભાગ લેવા પ્રોત્સાહન આપ્યું. સર્વાંગી વિકાસ માટે હેલ્થની ફોલિક એસિડની ગોળીનું નિયમિત વિતરણ કરવામાં આવ્યું.
- કન્યા કેળણીમાં જાગૃતિ આવે એ માટે એક દીકરીને દત્તક લઈ બી.એડ. સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો. ચાલુ વર્ષે પણ બે દીકરીઓને દત્તક લેવામાં આવી. તે બંને દીકરીઓને અભ્યાસ અને સર્વાંગીય વિકાસ થાય એવો પૂરતો પ્રયત્ન કરીશ.

## મૂલ્યાંકન :

- કન્યાઓનું ૧૦૦% નામાંકન થવા લાગ્યું.
- તેમજ હાજરી નિયમિત બની.
- અભ્યાસ તરફ રસ ને રુચિ વધવા માંડી.

## પરિણામ :

- આર્થિક પછાત વર્ગની તમામ કન્યા શાળાએ નિયમિત આવવા લાગી.
- શૈક્ષણિક કાર્યક્રમમાં સંચાલન તેમજ સી.આર.સી. તથા બી.આર.સી. કક્ષા સુધી કન્યાઓ ભાગ લેવા માટે સક્ષમ બની.
- દત્તક લીધેલ દીકરીએ એમ.એ.બી.એડ્. સુધીનો અભ્યાસ ફર્સ્ટ ક્લાસ સાથે પૂર્ણ કર્યો.




- **ઈનોવેશનનું નામ : ગણિત ગજાનું – ગણિત મજાનું**
- **શિક્ષકનું નામ : શ્રી નદીમખાન વાહીદખાન પઠાણ**

Mobile : 97374 76723
Email : kingofrivers0612@gmail.com

- **શાળાનું નામ : મેવાસા (સુ) પ્રાથમિક શાળા, તા. ચોટીલા, જિ. સુરેન્દ્રનગર.**


## હેતુઓ :

- ગણિતમાં અધ્યયન નિષ્પતિ મુજબ બાળકો રમત દ્વારા સરળતાથી પોતાની જાતે રસપ્રદ રીતે ગણિતમાં ગાણિતિક ક્રિયાઓ કરી શકે છે.
- મોડલમાં આપેલ પ્રશ્નોના આધારે શિક્ષક વિના પોતાની જાતે જ પોતાનું મૂલ્યાંકન કરી શકે છે.

## કાર્યપદ્ધતિ :

- જ્યારે શઆળામાં પ્રથમ દિવસે એટલે તા.૨૮–૭–૨૦૨૧ના રોજ જીલ્લાફેરથી આવીને ફળિયા શીક્ષણમાં જોયું તો બાળકોને ગણિત પર ઓછો રસ ધરાવતા અને શીખવેલા મુદ્દામાં પણ પોતાનો મત રજુ કરી શકતા ના હતા.
- ગણિત ભણાવતી વખતે કે એકમ કસોટી કે અન્ય કસોટી વખતે આકર્ષિત પરિણામ ન મળતા હતા. ઘણા પ્રયત્નો બાદ ગણિતમાં પરિણામ ન મળ્યું. ત્યારે એવો વિચાર આવ્યો કે પહેલા તો ગણિતને બાળકો માટે “ગણિત મજાનું” બનાવવું પડશે. એટલા માટે શઆળામાં પડેલી નકામી ઘડિયાળ, પોસ્ટરો, જુના બેનરો જુદી–જુદી વસ્તુઓ ભેગી કરી અને તેને ગણિતની પરિભાષામાં ઢાલવાનો પ્રયત્ન શરૂ કર્યો.
- જુની અને બંધ ઘડિયાળને “ગાણિતિક ઘડિયાળ” બનાવી. જેમાં ગાણિતિક ક્રિયાઓ દર્શાવતું મોડલ, ભૂમિતિના પાયાના ખ્યાલો, અવયવ અને અવયવી વગેરે જેવી ક્રિયાઓ કરી શકીએ છીએ.
- અપૂર્ણાંકોના સરવાળા – બાદબાકી દર્શાવતું મોડલ, કેલ્ક્યુલેટ ટ્રે, સ્થાન કિંમત વગેરે વસ્તુ માટે અલગ–અલગ મોડલ બનાવાથી બાળકો પોતાની જાતે ગણિત શીખતા થયા.

## મૂલ્યાંકન :

- શરૂઆતમાં ધોરણ ૬ થી ૮ના ૬૯ બાળકો સમક્ષ આ મોડલ મુકવામાં આવ્યા.
- બાળકો પોતાની રીતે આ શીખતા થયા અને બીજા બાળકોને શીખડાવતા થયા.
- આજે આ મોડલમાં મુકેલી અધ્યયન નિષ્પત્તિ ઘણા અંશે સિદ્ધ થઈ છે.

## પરિણામ :

- મારી ગેરહાજરીમાં પણ બાળકો ગણિત જાતે શીખતા અને શીખડાવતા થયા છે. બાળખોનો ગણિત તરફનો ડર દુર થયો છે. હવે તે જાતે જ નવા મુદ્દા માટે મોડેલ બનાવવા મને પ્રેરિત કરે છે. ધોરણ ૬ થી ૮ના ૬૯ બાળકોમાંથી ૪૧ બાળકોની અધ્યયન નિષ્પત્તિની કચાસ દુર થઈ છે.



- **ઈનોવેશનનું નામ : બાળવાર્તા દ્વારા શાળા તત્પરતા**


- **શિક્ષકનું નામ : દેવેન્દ્રપ્રસાદ એચ. ધમલ**

Mobile : 78630 35081
Email : dhdhamal@gmail.com

- **શાળાનું નામ : લાખામાંચી-૧ પ્રા. શાળા, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગર.**


## હેતુઓ :

- બાળકોની હાજરીનું પ્રમાણ વધે.
- બાળકોની રસ-રૂચિ પ્રમાણેનું વાતાવરણ નિર્માણ થાય.
- બાળકોની શ્રવણ શક્તિનો વિકાસ થાય.
- બાળકોની કલ્પના શક્તિનો વિકાસ થાય.
- બાળક જિજ્ઞાસાવૃત્તિ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે.
- બાળકને વાંચન કરવાની પ્રેરણા મળે.

## કાર્યપદ્ધતિ :

- આ પ્રયોગની શરૂઆત ૨૫ નવેમ્બરથી કરવામાં આવી. બાળકોને કોરોનાકાળ પછી શાળાએ આવવા પ્રત્યેની આળસ જોવા મળી. અભ્યાસ પ્રત્યેની આળસ જોવા મળી અને શાળાએ આવતાં બાળકોને અભ્યાસ પ્રત્યે કંટાળો આવતો જણાયો.
- જેથી મને લાગ્યું કે બાળકની રસ-રૂચિ પૂર્ણ વાતાવરણ શાળામાં ઊભું કરવામાં આવે તો બાળક શાળાએ આવતું થાય. અને અભ્યાસ પ્રત્યે એકાગ્રતા કેળવતું થાય. એ માટે મેં પ્રાર્થનામાં, ક્લાસરૂમમાં જ્યારે સમય મળે ત્યારે બાળકોની પ્રિય એવી બાળવાર્તાઓ, જોડકણા, પ્રાર્થનાઓ સંભળાવવાનું શરૂ કર્યું અને એ પણ મારી સ્વરચિત. સાથો સાથ હિતોપદેશ, પંચતંત્ર, બત્રીસ પૂતળી, અકબર બીરબલની વાર્તાઓ તથા અન્ય બુકોમાંથી વાર્તા સંભળાવવાનું શરૂ કર્યું જે ખૂબ જ અસરકારક રહ્યું.

## મૂલ્યાંકન :

- સમગ્ર પ્રવૃત્તિનું મૂલ્યાંકન કરતાં જણાયું કે બાળકોમાં નિયમિતતા, એકાગ્રતા, સ્વચ્છતા જેવા ગુણો કેળવાયા અને બાળકોની અર્થગ્રહણ, તર્કશક્તિ, કલ્પનાશક્તિ, જિજ્ઞાસાવૃત્તિમાં વધારો થયો.

## પરિણામ :

- મારા ક્લાસમાં ૨૯ બાળકોની સંખ્યા છે.
- જેમાંથી શાળાએ સરેરાશ ૮ બાળકો જ હાજર રહેતા હતા.
- જે હવે બાળકોની હાજરીમાં વધારો થતાં સરેરાશ ૧૫ બાળકો શાળાએ આવવા લાગ્યા.
- અને હજુ પણ એમાં વધારો થશે.



- ઈનોવેશનનું નામ : **જ્ઞાત પરથી અજ્ઞાત**
  (નિયમીત આકારનું ક્ષેત્રફળ, પૃષ્ઠફળ અને ઘનફળ મેળવવા.)


- શિક્ષકનું નામ : **વિજયકુમાર શાંતિલાલ થોરિયા**
  Mobile : 83474 16041
  Email : shivangizala04-4niit@gmai.com
- શાળાનું નામ : કુ. શિવાંગી એન. ઝાલા કન્યા વિદ્યાલય, લીંબડી, જિ.સુરેન્દ્રનગર.


## હેતુઓ :

- વિદ્યાર્થીઓ નિયમિત આકારના લંબાઇ, પહોળાઇ, ઊંચાઇ અને વ્યાસનું માપન કરતાં શીખે, તેના પરથી ક્ષેત્રફળ અને ઘનફળના સૂત્રોમાં તેનો ઉપયોગ કરતાં થાય.
- વિદ્યાર્થીનીઓ બંગડી, દડો, પ્યાલો કે ગ્લાસ, કંપાસ પેટી, ટમ્બલર વગેરેનો ઉપયોગ કરી ક્ષેત્રફળ અને ઘનફળના સૂત્રોનું અસરકારક અને રસપ્રદ રીતે શિક્ષણ મેળવે.
- વિદ્યાર્થીનીઓ ક્ષેત્રફળ અને ઘનફળના સૂત્રો સરળતાથી શીખે.
- વિદ્યાર્થીનીઓ જુથમાં કાર્ય કરતાં શીખે.

## કાર્યપદ્ધતિ :

- ધોરણ ૧૦ના દરેક વિદ્યાર્થીનીઓ દસ–દસના છ ગ્રુપમાં નિયમિત આકાર, બંગડી (વર્તુળ), દડો (ગોલક), પ્યાલો કે ગ્લાસ(નાળાકાર), કંપાસ પેટી (લંબઘન), ટમ્બલર (શંકુના આડછેદ) અને કાગળના મોડેલ (સમઘન)ના લંબાઇ, પહોળાઇ, ઊંચાઇ, અને વ્યાસનું બનાવેલ ગાણિતિક મોડેલ દ્વારા જાતે માપન કરે અને તેનો સૂત્રોમાં ઉપયોગ કરી દાખલાઓ ગણે.

## મૂલ્યાંકન :

- વિદ્યાર્થીનીઓ જુથમાં સહભાગીદારીથી માપન કરતાં શીખ્યા.
- વિદ્યાર્થીનીઓ સૂત્રોનો ઉપયોગ કરી દાખલા ગણતાં શીખે.

## પરિણામ :

- દરેક વિદ્યાર્થીનીઓએ પ્રોજેક્ટ પેપરમાં દાખલા ગણી પ્રોજેક્ટ તૈયાર કરેલ છે.
- વિદ્યાર્થીનીઓ પાઠ્યપુસ્તકના દાખલામાં સહભાગીદાર થયા.
- વિદ્યાર્થીનીઓ પોતાની પાસે રહેલ વસ્તુનો ઉપયોગ કરીને તેના પરથી આકાર વિશે સમજૂતી મેળવી શક્યા.

| ધોરણ | ૧૦–અ | ૧૦–બ | કુલ |
|---|---|---|---|
| સંખ્યા | ૬૧ | ૫૯ | ૧૨૦ |

# 7th DISTRICT LEVEL EDUCATIONAL INNOVATION FESTIVAL, 2021-22

- **ઈનોવેશનનું નામ :** **ગણિત ગમ્મત દ્વારા સંખ્યાજ્ઞાન**
- **શિક્ષકનું નામ :** **ઉષાબેન જી. સોલંકી**

Mobile : 92654 96384
Email :

- **શાળાનું નામ :** **શ્રી પ્રાથમિક શાળા નંબર-૪, થાનગઢ, જિ.સુરેન્દ્રનગર.**



## હેતુઓ :

- બાળકોને ગણિત પ્રત્યે રસ-રુચિ વધે છે.
- બાળકો સરળતાથી સંખ્યાજ્ઞાન મેળવી શકે છે.
- બાળકો ગણિતમાં એકમ દશકની સમજણ, સરવાળા-બાદબાકી, વચ્ચેની સંખ્યા, આગળ-પાછળની સંખ્યા, ઉતરતો ક્રમ – ચડતો ક્રમ વગેરે સહેલાઈથી સમજી શકે છે.
- નાના બાળકો ચિત્રાત્મક ટી.એલ.એમ. અને જાતે શીખી શકે તેવા વર્કિંગ મોડેલ દ્વારા ઝડપથી ગણિત શીખે છે.
- વ્યાવહારિક કોયડા સરળતાથી ઉકેલે છે.

## કાર્યપદ્ધતિ :

- નાના બાળકો માટે ઉપયોગી એવા ચિત્રાત્મક અને વર્કિંગ મોડેલ રંગબેરંગી કાગળોથી બનાવ્યા છે.
- જેમાં પેટર્ન, સરવાળા-બાદબાકી, સંખ્યાની ગણતરી, નાની મોટી સંખ્યા, વચ્ચેની સંખ્યા, આગળ-પાછળની સંખ્યા, ચડતો ક્રમ – ઉતરતો ક્રમ, ખૂટતી સંખ્યા વગેરેના અલગ-અલગ ટી.એલ.એમ. અને વર્કિંગ મોડેલ છે.
- એક વર્કિંગ મોડેલ એવું છે જેની અંદર ખાલી જગ્યા, વચ્ચેની સંખ્યા, આગળની સંખ્યા, પાછળની સંખ્યા, ચડતો ક્રમ, ઉતરતો ક્રમ વગેરે છે...
- એકમ દશક સંખ્યા માટેનું વર્કિંગ મોડેલ, નાણાંની ગણતરી માટેનું વર્કિંગ મોડેલ, એકથી સોની ગણતરી માટેનું વર્કિંગ મોડેલ વગેરે જેવા બાળક સરળતાથી અને રમતા-રમતા શીખી શકે તેવા લર્નિંગ મટરીયલ બનાવ્યા છે.

## મૂલ્યાંકન :

- ટી.એલ.એમ. અને વર્કિંગ મોડેલ દ્વારા બાળકોનું મુલ્યાંકન થઇ શકે છે.
- મૌખિક પ્રશ્ન પૂછીને અને લેખિત પ્રશ્નો દ્વારા પણ મૂલ્યાંકન થઇ શકે છે.
- વચ્ચેની સંખ્યા, આગળ-પાછળની સંખ્યા, ખૂટતી સંખ્યા અને સરવાળા – બાદબાકીના કાર્ડ બનાવ્યા છે, જેના દ્વારા મે મૂલ્યાંકન કર્યું છે.

## પરિણામ :

- વર્ગના ૬૦ ટકા બાળકો સરળતાથી ગણિત શીખી ગયા છે.
- ૬૦ ટકા બાળકોને ત્રણ રકમની દશકાવાળી બાદબાકી, ચાર રકમના વદીવાળા સરવાળા, આગળ-પાછળની સંખ્યા, વચ્ચેની સંખ્યા, પેટર્ન વગેરે વર્કિંગ મોડેલ દ્વારા સરળતાથી શીખી ગયા છે.
- જ્યારે ૩૦ ટકા બાળકો સાદા સરવાળા અને સાદી બાદબાકી સુધી પહોંચ્યા છે....
- ૧૦ ટકા બાળકો ધીમે ધીમે આગળ વધી રહ્યા છે.

- ઈનોવેશનનું નામ : **એકમ મુજબ આયોજન**
- શિક્ષકનું નામ : **સભાણી વિપુલકુમાર એન.**
  Mobile : 99259 39293
  Email : vnsabhani@gmail.com
- શાળાનું નામ : શ્રી મોટા અંકેવાળીયા પે. સેન્ટર શાળા, તા. ધ્રાંગધ્રા, જિ.સુરેન્દ્રનગર




## હેતુઓ :

- વિદ્યાર્થીઓ ધ્યાનપૂર્વક શ્રવણ કરે.
- વિદ્યાર્થીઓની અભ્યાસમાં રસ – રુચિ વધે
- વિદ્યાર્થીઓ શુદ્ધ ઉચ્ચારથી શ્રવણ કરે
- વિદ્યાર્થીઓ વક્તાના વિચારોનું મૂલ્યાંકન કરે

## કાર્યપદ્ધતિ :

- કોઈપણ કાર્ય કરતા પહેલા તેના અંગે પૂર્વ વિચારણા કરવામાં આવે તો તે કાર્યના અપેક્ષિત પરિણામો પ્રાપ્ત કરી શકાય છે.
- આ પૂર્વ વિચારણા એટલે આયોજન.
- આયોજન એ સાધનોનો ઉપયોગ કરી ચોક્કસ સમયમાં અપેક્ષિત હેતુઓને સિદ્ધ કરવાની યોજના છે.
- કોને ક્યારે ક્યાં કેટલા સમયમાં શું શીખવાનું છે તેમજ ક્યા સાધનો કઈ પદ્ધતિઓ કે પ્રવૃત્તિઓ અભિગમથી સીખવવાનું છે તથા ક્યા પ્રકારની પ્રવૃત્તિઓ કરવાની છે કે અપનાવવાની છે તેમજ ક્યા પ્રકારની મૂલ્યાંકન સ્વાધ્યાય પ્રવિધિ ઉપયોગમાં લેવાની છે જેવા પ્રશ્નો રામબાણ ઉત્તર કે શિક્ષકે શુઝ પૂર્વકની તાર્કિક વિચારણા કરીને લેખિત સ્વરૂપ આપ્યું હોય તે એકમ આયોજન વર્ગમાં બાળકો અભ્યાસમાં ખૂબ જ રસ ધરાવે એ માટે સૌપ્રથમ ગુજરાતી વિષયના ધોરણ–૮નાં બધા જ એકમવાઈઝ આયોજન કરવામાં આવેલ.
- તેમજ એકમ પૂર્ણ થતા મૂલ્યાંકન માટે પ્રશ્નોત્તરી અથવા તો એકમ ટેસ્ટ કરવામાં આવતી જેના આધારે બાળકો વર્ગમાં અભ્યાસમાં ખુબ જ ધ્યાન આપતા થયા અને વાંચન અને લેખન કૌશલ્યનો ખૂબ જ સારો વિકાસ થયો.
- તેમજ ગુજરાતી વિષયમાં આવતા ચિત્રો તે પણ બાળકોએ દોરી અને ટી.એલ.એમ. બનાવેલ તેના આધારે ચિત્ર દોરવામાં પણ બાળકોએ ખૂબ જ કુશળતા દાખવી.

## મૂલ્યાંકન :

- એકમ આયોજનમાં મૂલ્યાંકન વિધિ પણ સ્પષ્ટ હોવી જોઈએ. જેથી કરીને ખ્યાલ આવે કે વિદ્યાર્થીઓએ કેટલું જ્ઞાન આત્મસાત કરેલ છે.
- સમગ્ર એકમ પર આધારિત મૂલ્યાંકન કસોટીની રચના કરવામાં આવે છે અને એકમ પૂર્ણ થતા કસોટી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે.

## પરિણામ :

- વિદ્યાર્થીઓએ રસપૂર્વક ધ્યાન આપે છે.
- વિદ્યાર્થીઓના વાંચનમાં સુધારો જોવા મળે છે.
- વિદ્યાર્થીઓ પ્રવૃત્તિશીલ બને છે.

- ઈનોવેશનનું નામ : SCHOOL CARE TAKERS
- શિક્ષકનું નામ : હેમલભાઈ મયંકભાઈ તુરખીયા

Mobile : 88497 06565
Email : rajpar24080205501@gmail.com

- શાળાનું નામ : રાજપર પ્રા. શાળા, તા.ધ્રાંગધ્રા, જિ.સુરેન્દ્રનગર.



## હેતુઓ :

- શાળામાં સાથ સહકાર વધારવા તેમજ સ્થાનિક સમુદાયનાંને શાળા સાથે જોડી સાક્ષરતા દર તેમજ શિક્ષણ સુધારણા કરવા.

## કાર્યપદ્ધતિ :

- ગામમાં યુવાન મિત્રો કે જે શાળામાં સહભાગી થઇ શિક્ષણ સુધારણા તેમજ ગામમાં જાગૃતિ સંદર્ભ યોગદાન આપે તેવા યુવાન મિત્રોને તૈયાર કરી એક યુવક મંડળ ગ્રુપ ગામ ખાતે બનાવેલ છે.
- જેમાં ગામનાં યુવાનો જોડ્યા છે. તેઓ સાથે સમયાંતરે બેઠકો કરી શાળા તેમજ ગામની જાગૃતિ માટે સહકાર થકી કાર્ય કરીએ છીએ.

## મૂલ્યાંકન :

- ગામમાં જાગૃતિ વધી છે.
- સ્થાનિક લોકોનો સહયોગ વધ્યો છે.
- શિક્ષણમાં સુધારો થયો છે.

## પરિણામ :

- કોરોના કાળમાં દવાઓનું વિતરણ કરી શકાયું.
- વેક્સીનેશન દર વધારી શક્યા તેમજ તેમાં ખુબ જ સારુ કામ થયું.
- કોરોના કાળમાં સ્થાનિક લેવલે શેરી શિક્ષણમાં આ યુવામંડળનો સાથ સહયોગ થકી શિક્ષણ થયું.

# 7th DISTRICT LEVEL EDUCATIONAL INNOVATION FESTIVAL, 2021-22



- **ઈનોવેશનનું નામ** : SSC English Textual Question Bank
- **શિક્ષકનું નામ** : જયેશકુમાર નાથાલાલ પઢારીયા

Mobile : 99784 34360
Email : jayesnpadhariya@gmail.com

- **શાળાનું નામ** : શ્રી સરકારી માધ્યમિક શાળા, રાવળીયાવદર, તા.ધ્રાંગધ્રા, જિ.સુરેન્દ્રનગર

## હેતુઓ :

- ધોરણ–૧૦ના અંગ્રેજી વિષયના અધ્યયન–અધ્યાપન કાર્ય માટે સરળ ભાષામાં પ્રશ્નબેન્ક મળી રહે.
- વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયના તમામ યુનિટ્સના સ્વ–અધ્યયન મો ઈ–કન્ટેન્ટનો ઉપયોગ કરી શકે.
- વિદ્યાર્થીઓ ધોરણ–૧૦ની બોર્ડની પરીક્ષા માટે અંગ્રેજી વિષયના અભ્યાસક્રમનું પુનરાવર્તન કરી શકે.
- એનિમેશન વિડિયો દ્વારા વિદ્યાર્થીઓ અસરકારક અને રસપ્રદ રીતે શિક્ષણ મેળવે.
- વિદ્યાર્થીઓ ઓનલાઇન ગુગલ ક્વિઝ આપી તુરંત પરિણામ, ઈ–સર્ટિફિકેટ મળતાં પ્રોત્સાહિત થાય.
- વિદ્યાર્થીઓ પોતાની જાતે QR Code સ્કેન કરી ઓનલાઇન યુ–ટ્યુબ વિડિયોના અભ્યાસ થકી બોર્ડ પરીક્ષા માટે તૈયાર થાય અને આગામી માર્ચ–૨૦૨૨ની બોર્ડ પરીક્ષામાં ઉચ્ચત્તમ સિદ્ધિ હાંસલ કરે.

## કાર્ય પદ્ધતિ :

- ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા કોઈપણ ધોરણના વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષય પરત્વેનો અણગમો એ વિષયમાં કોઈ અસરકારક સંદર્ભ સાહિત્યનો ઉપયોગ અને વર્ગખંડની પ્રવૃત્તિઓની ગેરહાજરી છે.
- એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયના અધ્યયન માટે પાઠ્યપુસ્તક સિવાય ખાનગી પ્રકાશન સિવાયના અન્ય કોઈ સાહિત્ય કે પ્રશ્નબેન્ક ન હોવાથી મુશ્કેલી પડતી હોય છે. આ સમસ્યા ધ્યાનમાં રાખી વિદ્યાર્થી ધોરણ–૧૦ના તમામ યુનિટ્સને સરળ ભાષામાં સમજી શકે, અંગ્રેજી–ગુજરાતી શબ્દભંડોળ વિકેસ, તમામ યુનિટ્સના પ્રશ્નોનું સ્વ–અધ્યયન, સ્વ–મૂલ્યાંકન કરી શકે તથા QR Code સ્કેન ઈ–કન્ટેન્ટ દ્વારા જાતે અભ્યાસ કરી શકે તેવા હેતુથી 'A Textual Quetion Bank of Std. 10 English (S.L.) તૈયાર કરવામાં આવી. આ પુસ્તકમાં યુનિટની સમજૂતી, નવી પરીક્ષા પધ્ધતિ અનુસાર તમામ પ્રશ્નો અને તેની સમજૂતી માટે તૈયાર કરવામાં આવેલ એનિમેટેડ વિડિયોના ૧૩૦+ QR Code પણ આપવામાં આવેલ છે, જેને સ્કેન કરી કોઈપણ વિદ્યાર્થી જે–તે યુનિટ સમજી શકે છે. આ ઉપરાંત જે શાળામાં જ્યાં અંગ્રેજી શિક્ષક નથી ત્યાં પણ આ પુસ્તકના માધ્યમથી વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયનો અસરકારક અભ્યાસ કરાવી મૂલ્યાંકન કરી શકાય છે.
- પ્રસ્તુત પુસ્તકનું વિમોચન સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એસ.એમ.બારડ સાહેબ અને ડાયેટ–સુરેન્દ્રનગરના પ્રાચાર્ય ડૉ. સી. ટી. ટૂંડિયા સાહેબના હસ્તે કરવામાં આવેલ. આ પુસ્તક પી.ડી.એફ. ફાઈલ સ્વરૂપે સોશ્યલ મીડીયા અને વોટ્સએપના માધ્યમથી તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સુધી વિનામુલ્યે પહોંચાડ્યા.

## મૂલ્યાંકન :

- આ પ્રશ્નબેન્કમાં વિદ્યાર્થીઓ જે–તે યુનિટ કેટલો અસરકારક રીતે સમજી શક્યા છે કે નહિ તે માટે ગુગલ ક્વિઝની લિંક પણ આપવામાં આવેલ છે.
- આ ક્વિઝના માધ્યમથી વિદ્યાર્થી પોતાની જાતે સ્વ–મૂલ્યાંકન કરી શખે છે.
- આ સ્વ–મૂલ્યાંકનમાં મળતા ગુણના આધારે વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે એક ઈ–સર્ટીફિકેટ પણ પ્રાપ્ત થાય છે.

## પરિણામ :

- પ્રસ્તુત પ્રશ્ન બેંકનો ઉપયોગ ગુજરાતના દરેક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના માધ્યમથી દરેક શાળાઓને પહોંચાડવામાં આવેલ છે.
- QR Code ના સ્કેન થકી ધોરણ–૧૦ના અંગ્રેજી વિષયના વિડિયો વિદ્યાર્થીઓએ બહોળા પ્રમાણમાં ઉપયોગ કરેલ છે.
- વિદ્યાર્થી શાળામાં જે–તે યુનિટના અભ્યાસ પછી ઘરે પોતાની જાતે પુનરાવર્તન કરતા થયા છે.
- વિદ્યાર્થીઓમાં ખાનગી પ્રકાશનના સાહિત્યનો ઉપયોગ નહિવત્ જોવા મળેલ છે.
- વિદ્યાર્થીઓ વર્ગખંડમાં પોતે શીખેલા યુનિટનું સ્વ–મૂલ્યાંકન કરી શકે છે.

**Question Bank ડાઉનલોડ કરવાની લીંક:** http://bit.ly/3pS9a3u




• ઈનોવેશનનું નામ : **પર્યાવરણ પ્રયોગશાળા**

• શિક્ષકનું નામ : **રેથળીયા પ્રવીણભાઈ કાળુભાઈ**

Mobile : 98246 10697, 63515 10010

Email : pkr131080@gmail.com

• શાળાનું નામ : **શ્રી ભલગામડા પ્રાથમિક શાળા, તા.લીંબડી, જિ.સુરેન્દ્રનગર**


## હેતુઓ :

- બાળકોમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતતા કેળવવી.
- આપણું જીવન પર્યાવરણને આભારી છે, તેની સમજ મેળવે.
- બાળકો ખેત પધ્ધતિ, ખેત પાકો, સિંચાઇ પધ્ધતિ, કમ્પોસ્ટ ખાતરથી જાણકાર થાય.
- બાળકો વિવિધ બીજની જાણકારી મેળવે.
- બાળકો કિચન ગાર્ડન, ટેરેસ ગાર્ડન, હેગિંગ ગાર્ડન વિષે જાણે.
- વેસ્ટ વસ્તુઓના ઉપયોગથી શાળાની સુંદરતામાં વધારો કરવો.
- બાળકો આત્મનિર્ભર બને.

## કાર્યપદ્ધતિ :

- પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગત શાળાના બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધે. બાળકો ખેત પધ્ધતિ, ખેતીના પાકો, સિંચાઇ પધ્ધતિ, કમ્પોસ્ટ ખાતર – ઓર્ગેનિક ખેતી વિષે જાણે તે માટે શાળામાં કિચન ગાર્ડન બનાવવામાં આવેલ છે.
- જેમાં અંડરગ્રાઉન્ડ ટપક પદ્ધતિ, ફુવારા પધ્ધતિ, ધોરિયા પધ્ધતિનો ઉપયોગ કરી શિયાળુ પાક તથા ચોમાસુ પાકની નમૂના તરીકે વાવણી કરવામાં આવે છે.
- કમ્પોસ્ટ ખાતર બનાવવા માટે પીટ બનાવેલ છે. સાથે શાકભાજી પણ વાવવામાં આવે છે.
- માત્ર અને માત્ર દેશી ખાતર અને જીવામૃતનો ઉપયોગ કરવામાં આવે છે.
- આ ઉપરાંત ટેરેસ ગાર્ડન, હેગિંગ ગાર્ડનની સંકલ્પના માટે બંને પ્રકારના ગાર્ડન બનાવેલા છે.
- સાથોસાથ પર્યાવરણની જાળણીની સમજ માટે વિવિધ પ્રકારની વેસ્ટ વસ્તુઓ જેવી કે ઠંડા પીણાની બોટલો, કલરના ખાલી ડબ્બા, સિરામિકના વેસ્ટ કુંડા, વેસ્ટ પોખરાઓ, વાહનોના વેસ્ટ ટાયરોના ઉપયોગથી શાળાને સુશોભિત બનાવવામાં આવેલ છે.

## મૂલ્યાંકન :

- પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગત તમામ કરેલા પ્રયોગોનું બાળકોને નિદર્શન કરાવીને પૂરતી માહિતી આપી મૂલ્યાંકન કરેલ છે, જેના પરિણામો નીચે મુજબના જોવા મળેલ છે.

## પરિણામ :

- બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધેલ જોવા મળી.
- બાળકોમાં ખેતી વિષયક બાબતોમાં રસ વધેલ જોવા મળેલ છે.
- વિવિધ બીજને ઓળખતા થયાં.
- બિયારણ બનાવતા શીખ્યા.
- વિજ્ઞાન તેમજ પર્યાવરણ વિષયની ક્ષમતાઓ સિધ્ધ થયેલ જોવા મળી.
- વેસ્ટ વસ્તુઓનો ઉપયોગ કરી બેસ્ટ બનાવવા પ્રત્યે જાણકારી વધી.




- **ઈનોવેશનનું નામ : વાલી સાથે વિસામો**
- **શિક્ષકનું નામ : હિતેષકુમાર કિશોરભાઈ પંડ્યા**
  Mobile : 98245 67899
  Email : hkpandya1@gmail.com
- **શાળાનું નામ : શ્રી જી. કે. મંડળ હાઈસ્કૂલ, લીંબડી, જિ.સુરેન્દ્રનગર**


## હેતુઓ :

- જ્ઞાતિવાદ, જાતિવાદના ભેદભાવ દૂર થાય.
- આત્મીયતામાં વધારો કરી શખઆય.
- વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આવે.
- પારિવારિક સંબંધો મજબૂત બનતા શાળાકીય વાતાવરણ સ્વચ્છ બને, શાળા તરફનો લગાવ વધારી શકાય.
- સામાજિક, આર્થિક અને કૌટુંબિક પરિસ્થિતિનો તાગ મેળવી શકાય. પરિવાર અને શાળાનું વાતાવરણ અનુકૂલનવાળું બનાવી શકાય.
- ખામીઓ અને ખૂબીઓ દૂર કરવા માટે વાલી અને શિક્ષક વચ્ચે સેતુબંધ રાખી શકાય.
- વિવિધ અને વિકટ પ્રશ્નોના નિરાકરણ લાવવા માટે સહાયરૂપ બને. શાળા પ્રત્યે નિયમિતતા, સ્વચ્છતા અને લગાવ બનેલો રહેશે.
- કાયમી સંબંધોથી શાળા પ્રવેશ અને દાન–ભેટમાં ઉપયોગી બની રહે. (લોકભાગીદારી)

## કાર્યપદ્ધતિ :

- સૌ પ્રથમ શાળામાં બાળકોની અંદર રહેલી ખામીઓ અને વિશિષ્ટ શક્તિઓને ઓળખીને તેના પરિવારનો પરિચય મેળવીને તેના પરિવાર સુધી પહોંચવા માટે એક અભિયાન શરૂ કરવામાં આવ્યું. જેમાં જ્ઞાતિ કે જાતિવાદના ભેદભાવ વગર તેમના ઘરે જઈને વાલીઓ સાથે વધુને વધુ સમય વિતાવવા માટે એક પહેલ કરવામાં આવી.
- તે અંતર્ગત તેમના ઘરની વિવિધ પરિસ્થિતિ અને ઘરની વિશેષથાઓ વિશે જાણકારી મેળવીને આજુબાજુના વાતાવરણ સાથે બાળક કઈ રીતે સમાયોજન કરી રહ્યો છે તેનો ખ્યાલ મેળવ્યો.
- તેના પરિવાર સાથે ભોજન કે અલ્પાહાર કરીને આત્મીયતાનું એક ઉદાહરણ તેના મનમાં સ્થાપવાનો પ્રયત્ન કર્યો. ત્યારબાદ વારંવાર સારા–ખરાબ પ્રસંગમાં હાજરી આપીને આત્મીયતા વધુ મજબૂત બને એ માટે સતત અને સતત મુલાકાતો વિદ્યાર્થીઓ વાલીઓ અને આડોશ–પાડોશ તેમ ગામના લોકો સાથે એક સંબંધની સાંકળ મજબૂત બની ધીમે ધીમે શાળામાં ભૌતિક સુવિધાઓ કે અન્ય કોઈ જરૂરિયાત કે લોકભાગીદારી માટે પણ તેમનો ઉત્સાહ જોવા મળ્યો. શાળા બાળકમાં રહેલી ખામીઓ અને ખુશીઓ વાલીઓને જાણ થતાં તેના તરફ તે સચેત બનીને વધુ સારી રીતે કાળજીથી અભ્યાસ તરફ બાળકોને વાળવાનો પ્રયત્ન કરવા લાગ્યા અને શાળામાં નિયમિત આવવા લાગ્યા. વર્ગખંડમાં સાહસવૃત્તિનો વધારો જોવા મળ્યો. શાળા પ્રવેશ માટે સંબંધો સાંકળ કામે જોવા મળી.

## મૂલ્યાંકન :

- બાળકોને વર્ગખંડની અંદર જાહેરમાં પ્રશ્નોત્તરી કરવી અથવા ગૃહકાર્યમાં આપેલ કાર્ય રજૂ કરવા માટે વારંવાર મોકો આપો. પ્રાર્થનાસભાની અંદર બાળકોને ઊભા કરીને પરિવાર વિશેની માહિતી તેમજ ઘરના સભ્યો વિશેની માહિતી અને ઘરની પરિસ્થિતિ વચ્ચે વર્ગખંડની અંદર પૂછું જેનાથી તેની અંદર રહેલો સંકોચ જોવા મળતો હતો. તેની અંદર ભયનો માહોલ જોવા મળતો હતો.
- વારંવાર તેની ઉપેક્ષા અને તેનો અવગણના થતી હોય તેઓ અનુભવ તેના ચહેરા પર જોવા મળતો હતો. માટે તેને ઘરેથી હોમવર્ક સિવાયના અન્ય કાર્યો માટે પણ પ્રેરિત કરવામાં આવતા હતા. ઘરની આર્થિક, સામાકિ અને પારિવારિક પરિસ્થિતિ વિશે બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા પ્રશ્ન પૂછવામાં આવતા હતા. શાળાની અંદર વિવિધ પગપાળા પ્રવાસો અને મુલાકાતો દ્વારા ટિફિન પ્રવાસનું પણ આયોજન કરી જેથી તેના ઘરની પરિસ્થિતિનો ક્યાસ મેળવી શકાય. તેના પરિવારની સાથે તેના સગાસંબંધીઓની પણ અંદર પ્રશ્નોત્તરી દ્વારા તેમ આડકતરી રીતે પૂછપરછ કરી અને તેના વિશે માહિતી મેળવવી.

## પરિણામ :

- આ પ્રયોગ અંતર્ગત વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે શાળાની અંદર એક પારિવારિક સંબંધ જોવા મળતો હતો.
- શરૂઆતમાં બે ચાર વિદ્યાર્થીઓ દ્વારા જ તેમાં સહકાર પ્રાપ્ત થવા માટે સમર્થ બન્યો. પરંતુ ધીમે ધીમે સમય વિતતા તમામ વિદ્યાર્થીમિત્રો પોતાના ઘરે શિક્ષક ક્યારે આવશે? તેની ઉત્સાહ ઉમંગ અને અનેરો આનંદ મારા પર જોવા મળતો હતો.
- શાળાની અંદર તેઓ નિયમિત થવા લાગ્યા.
- શાળાનું કાર્ય ખૂબ જ સુંદર રીતે કરવા લાગ્યા.
- પારિવારિક ભાવનાથી સારા અને પોતાનું ઘર છે તેવુ સમજીને શાળાની ભૌતિક સુવિધાનો વધુ પડતું ધ્યાન રાખવા લાગ્યા.
- અન્ય શિક્ષકો સાથે પણ પારિવારિક સંબંધો જોવા મળતા હતા.
- શાળામાં પ્રવેશ માટે જ્યારે તેમના ઘર ગામ કે શાળાની મુલાકાત લેતા તો શાળાને વધુ સારો પ્રતિસાદ મળતો અને પ્રાથમિક શાળાના બાળકોની પ્રથમ પસદંદગી અમારી શાળા બની રહેતી હતી.
- તેના ઘરે સારા–ખરાબ પ્રસંગોમાં પણ અમારી હાજરી માટે તેઓ હંમેશા આગ્રહી બનતા જોવા મળ્યા હતા.
- ઘરેથી લાવેલ ટિફિન કે લંચબોક્સમાં અન્ય વિદ્યાર્થીઓ સાથે બેસીને જમવાનો ગુણ પણ જોવા મળતો હતો. જેથી તેની અંદર રહેલા જ્ઞાતિ–જાતિના ભેદભાવ દૂર થતા જોવા મળ્યા.
- વિદ્યાર્થીનીઓ પોતાના અંગત સવાલો મહિલા શિક્ષકો સાથે શેર કરી શક્યા.



- **ઈનોવેશનનું નામ** : **રમત દ્વારા ગણિત**
- **શિક્ષકનું નામ** : **હિતેશકુમાર જગદીશકુમાર ચાવડા**

Mobile : 99044 84336
Email : hjchavda25@gmail.com

- **શાળાનું નામ** : **ઉચ્ચ પ્રાથમિક શાળા નંબર ૧૩, તા. થાનગઢ, જિ. સુરેન્દ્રનગર.**

## હેતુઓ :

- બાળકોની ગણિત પ્રત્યેની રૂચિમાં વધારો થાય.
- બાળકોની રસ–રુચિ પ્રમાણેનું વાતાવરણ નિર્માણ થાય.
- બાળકોની ગણન શક્તિનો વિકાસ થાય.
- બાળકોની કલ્પના શક્તિનો વિકાસ થાય.
- બાળક જિજ્ઞાસાવૃત્તિ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે.
- બાળકને ગાણિતિક ક્રિયાઓ કરવાની પ્રેરણા મળે.

## કાર્ય પદ્ધતિ :

- આ પ્રયોગની શરૂઆત ૧૬મી સપ્ટેમ્બરથી કરવામાં આવી. બાળકોને કોરોના કાળ પછી શાળાએ આવવા પ્રત્યેની આળસ જોવા મળી. સાથે સાથે ગણિતના અભ્યાસ પ્રત્યેની આળસ જોવા મળી. અને શાળાએ આવતાં બાળકોને ગણિતના અભ્યાસ પ્રત્યે કંટાળો આવતો જણાયો.
- જેથી મને લાગ્યું કે બાળકને ગણિતનું રસ–રુચિ પૂર્ણ વાર્તાવરણ ઊભું કરવામાં આવે તો બાળક ગણિત પ્રત્યે રસ લેતું થાય અને અભ્યાસ પ્રત્યે એકાગ્રતા કેળવતું થાય. એ માટે મેં પ્રાર્થનામાં, ક્લાસરૂમમાં જ્યારે સમય મળે ત્યારે ગણિતની જુદી જુદી રમતો, કોયડાઓ બાળકોને રમાડવાનું શરૂ કર્યું અને સાથે–સાથે સહભ્યાસિક ગણિત પણ શીખડાવવાનું ચાલુ રાખ્યું. જેથી બાળકો ગણિત પ્રત્યે ધીમે ધઈમે આકર્ષિત થતા ગયા એ ખૂબ જ અસરકારક રહ્યું.

## મૂલ્યાંકન :

- સમગ્ર પ્રવૃત્તિનું મૂલ્યાંકન કરતાં જણાયું કે દરેક વર્ગમાં ૭૦થી ૮૨% બાળકોમાં ગણિત વિષય પ્રત્યેનો લગાવ વધતો જણાયો. તેમજ રમત દ્વારા ગણિત શીખવવાની એમને ખૂબ જ મજા આવી અને બાળકોની અર્થગ્રહણ તર્કશક્તિ કલ્પનાશક્તિ જિજ્ઞાસાવૃત્તિમાં વધારો થયો.

## પરિણામ :

- મારી શાળામાં ધોરણ ૬ થી ૮ના ૨૭૦ બાળકો છે. રમત દ્વારા ગણિત શીખવવાના કારણે બાળકોની ગણિત વિષય પ્રત્યેની રસ અને રૂચિમા વધારો જણાયો તેમજ વર્ગખંડ હાજરીમાં પણ વધારો થતો જણાયો અને હજુ પણ એમાં વધારો થશે.

• ઈનોવેશનનું નામ : અધ્યયન નિષ્પત્તિ અને તેનું મૂલ્યાંકન ટૂલ અને સ્કુલ એક્રીડીટેશન (ગુણોત્સવ ૨.૦) માર્ગદર્શિકા

• BRCનું નામ : બ્લોક રિસોર્સ સેન્ટર, વઢવાણ સમગ્ર ટીમ

Mobile : 97370 77111

Email : brc.snr.wadhvan@gmail.com

• શાળાનું નામ : બ્લોક રિસોર્સ સેન્ટર, વઢવાણ

## હેતુઓ :

- શિક્ષક અને વિદ્યાર્થીઓ એકમવાઇઝ અધ્યયન નિષ્પત્તિ જાણે.
- શિક્ષક અધ્યયન નિષ્પત્તિ અનુસાર દૈનિક આયોજન કરી શકે.
- શિક્ષક વિદ્યાર્થીએ અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરે છે કે નહિ તેનું નિદાન કરી રચનાત્મક મૂલ્યાંકન પત્રક–એ ભરી શકે તેમજ જરૂરી આધાર રાખી શકે.
- વિદ્યાર્થીઓ ક્વીઝ આપી પોતાનું સ્વ–મૂલ્યાંકન કરી શકે.
- વાલી પોતાના બાળકની પ્રગતિનું ચકાસી શકે.
- સી.આર.સી. અને અન્ય મોનીટરીંગ સ્ટાફ શિક્ષકે ટીક કરેલ રચનાત્મક મૂલ્યાંકનનું ક્રોસ વેરીફીકેશન કરી શકે છે.

## કાર્યપદ્ધતિ :

- તમામ સી.આર.સી. કો.ઓર્ડીનેટરને વિષયની ફાળવણી કરવામાં આવી. તમામે જી.સી.ઇ.આર.ટી. દ્વારા તૈયાર કરવામાં આવેલ અધ્યયન નિષ્પત્તીના ડ્રાફ્ટનો સંપૂર્ણ અભ્યાસ કરી તમામ અધ્યયન નિષ્પત્તિને એકમવાઈઝ વહેંચણી કરી. તમામ ધોરણની એકમવાઇઝ અધ્યયન નિષ્પત્તિની બુક તૈયાર કરવામાં આવી.
- ત્યારબાદ દરેક અધ્યયન નિષ્પતીનું નિદાન કરવા માટે દરેક અધ્યયન નિષ્પતીના પ્રશ્નો તૈયાર કરવામાં આવ્યા અને તે પ્રશ્નોના આધારે તેની ગુગલ ક્વીઝ તૈયાર કરવામાં આવી તેમજ પ્રશ્નપત્ર તૈયાર કરી કલાઉડ સ્ટોરેજ કરવામાં આવ્યા અને તે સ્ટોરેજના એડ્રેસના QR કોડ તૈયાર કરવામાં આવ્યા.
- QR કોડ સ્કેન કરી વિદ્યાર્થી ગુગલ ક્વીઝ આપી તુરંત પરિણામ મેળવી શકશે અને તે અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરી છે તે જાણી શકશે.
- પ્રશ્નપત્રનો QR કોડ સ્કેન કરી તે ધ્યયન નિષ્પત્તિનું પ્રશ્નપત્ર ડાઉનલોડ કરી શકશે અને તેની પ્રિન્ટ કઢાવી શિક્ષક તમામ વિદ્યાર્થીઓનું એક સાથે મૂલ્યાંકન કરી તેના આધાર સાચવી શકશે અને મોનીટરીંગ સ્ટાફ દ્વારા કે એસ.આઇ. દ્વારા માંગવામાં આવતા રજુ કરી શકશે.
- મોનીટરીંગ સ્ટાફ શાળા મુલાકાત દરમ્યાન શિક્ષક દ્વારા પત્રક–એ માં ટીક કરવામાં આવેલ અધ્યયન નિષ્પત્તિ ખરેખર વિદ્યાર્થીએ સિદ્ધ કરી છે કે નહી તેની ચકાસણી વિદ્યાર્થીને ગુગલ ફોર્મની ક્વીઝ અપાવી કરી શકશે અને માર્ગદર્શન આપી શકશે.

- **ઈનોવેશનનું નામ : અધ્યયન નિષ્પત્તિ અને તેનું મૂલ્યાંકન ટૂલ અને સ્કુલ એક્રીડીટેશન (ગુણોત્સવ ૨.૦) માર્ગદર્શિકા**
- **BRCનું નામ : બ્લોક રિસોર્સ સેન્ટર, વઢવાણ સમગ્ર ટીમ**

  Mobile : 97370 77111

  Email : brc.snr.wadhvan@gmail.com
- **શાળાનું નામ : બ્લોક રિસોર્સ સેન્ટર, વઢવાણ**


## હેતુઓ :

- શાળા ગુણોત્સવ ૨.૦ – સ્કુલ એક્રીડીટેશનના તમામ ક્ષેત્રો, પેટા ક્ષેત્રો અને માપદંડો વિષે જાણી તે અનુસાર કાર્ય કરી પોતાની શાળાના ગ્રેડમાં સુધારો કરી શકે.

## કાર્યપદ્ધતિ :

- ગુણોત્સવ ૨.૦ સ્કુલ એક્રીડીટેશનનું મુલ્યાંકન ટુલ અને ગુણોત્સવ ૨.૦ની ઓનલાઇન તાલીમના તમામ વિડીયોનો અભ્યાસ કરી તેના તમામ માપદંડો અને ગુણભારનો અભ્યાસ કરવામાં આવ્યો. ત્યારબાદ તેના ક્ષેત્રો અને પેટા ક્ષેત્રો અને ડીજીટલ પેજવાઇઝ તૈયાર કરવામાં આવ્યા. જેમાં દરેક માપદંડોવાઇઝ શાળાએ કરવાની કામગીરી અને ધ્યાનમાં રાખવાની બાબતોની વિગતવાર સમજ આપવામાં આવી. તેમજ તેના વિષે વધુ માર્ગદર્શન માટે ગુણોત્સવ ઓનલાઇન તાલીમની લીંક આપવામાં આવી જેથી ત્યાં ટચ કરવાથી તેનો વિડીયો પ્લે કરી વધુ માર્ગદર્શન મેળવી શકાય.
- વઢવાણ તાલુકાની તમામ શાળાના અલગથી સ્કુલ એક્રીડીટેશનના ક્ષેત્રો અને પેટા ક્ષેત્રોનું મૂલ્યાંકન દર્શાવતા રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો અને જે પેટા ક્ષેત્રમાં કચાસ હોય તે ક્ષેત્રની બાજુમાં આપવામાં આવેલ બટન ટચ કરવાથી તેમાં કઇ બાબતોનું ધ્યાન રાખવું તેનું માર્ગદર્શન મેળવી શકશે.

## પરિણામ :

- આચાર્ય અને શિક્ષકને પોતાની શાળામાં ક્યા માપદંડમાં કચાસ છે તે જાણી શકશે અને તેમાં કઇ કઇ બાબતોનું ધ્યાન રાખવું તેનો ખ્યાલ આવશે. તે મુજબ આયોજન કરી પોતી શાળાનો ગુણોત્સવનો ગ્રેડમાં સુધારો કરી શકશે.

- ઈનોવેશનનું નામ : **એકમ કસોટી પ્રશ્નપત્ર ડીજીટલ સંપુટ**
- શિક્ષકનું નામ : **ડૉ. વિક્રમભાઈ આઈ. ભડાણિયા**
  Mobile : 84889 84821
  Email : crc.snr.joravarnagar11@gmail.com
- શાળાનું નામ : **ક્લસ્ટર રિસોર્સ સેન્ટર, રતનપર-૧**




## હેતુઓ :

- એકમ કસોટીના તમામ પ્રશ્નપત્ર સરળતાથી મેળવી પ્રેક્ટીસ કરી શકે.

## કાર્યપદ્ધતિ :

- રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીનું એકમ મુજબ સમયસર મૂલ્યાંકન કરી શકાય તથા તેના આધારે ઉપચારાત્મક કાર્ય અને પુનઃ કસોટી લઈ શકાય તે માટે નિર્ધારિત સમયપત્રક મુજબ એકમ કસોટી લેવામાં આવે છે. ડિસેમ્બર-૨૦૧૮થી લઈ આજ દિવસ સુધી લેવામાં આવેલ એકમ કસોટી એક જ જગ્યાએ અને સરળતાથી સમયપત્રક મુજબ મળી રહે તે માટે સૌ પ્રથમ જૂના પ્રશ્નપત્રને સમયપત્રક મુજબ ફાઈલ બનાવવામાં આવી. આ ફાઈલને ગુગલ ડ્રાઈવમાં અપલોડ કરી તેની લીંક તથા QR Code બનાવવામાં આવ્યા. ત્યારબાદ સૌપ્રથમ ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના એકમ કસોટી સમયપત્રક બનાવી દરેક પ્રશ્નપત્રના QR Code ગોઠવવામાં આવ્યાં તથા આ QR Code સાથે લીંક પણ એડ કરવામાં આવી. જેથી તેની સોફ્ટ કોપી ઉપર ક્લીક કરવાથી જે તે વિષયનું અને ધોરણનું પ્રશ્નપત્ર મેળવી શકાય.


## મૂલ્યાંકન :

- એકમ કસોટીના તમામ પ્રશ્નપત્રોનો સંપુટ વાલી, વિદ્યાર્થી, શિક્ષક તથા મોનિટરીંગ ટીમને ખુબ જ ઉપયોગ થઈ શકશે.

## પરિણામ :

- વાલી જે તે વિષયનું પ્રશ્નપત્ર ડાઉનલોડ કરી પોતાના બાળકને પ્રેક્ટીસ કરાવી શકશે.
- શિક્ષક જુના પ્રશ્નપત્રનો અભ્યાસ કરી તે મુજબ વિદ્યાર્થીને વિશેષ તૈયારી કરાવી શકશે તેમજ વર્ગમાં વિદ્યાર્થીઓને પ્રેક્ટીસ કરાવી શકશે.
- મોનીટરીંગ ટીમ શાળા મુલાકાત દરમ્યાન એકમ કસોટી ચકાસણી કરી ત્યારે વિદ્યાર્થીઓ કસોટીના સીધા જવાબ લખતા હોવાના કારણે પ્રશ્ન ક્યો છે તેનો ખ્યાલ આવતો ન હોવાથી આ સંપુટ દ્વારા સરળતાથી ક્યો પ્રશ્ન છે તે જાણી શકશે. અને વિદ્યાર્થીએ લખેલ જવાબની ચકાસણી કરી શકશે.
- વિદ્યાર્થી જાતે પણ પ્રશ્નપત્ર ડાઉનલોડ કરી પ્રેક્ટીસ કરી શકશે.

# નવપ્રવર્તન




Dist. Insti. of Edu. & Training
Surendranagar

શ્રી ઝવેરચંદ મેઘાણી – જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર